અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli / 69/12-14 Validup to 31/12/14

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦
તા.૫-૩-૨૦૧૪ બુધવાર

અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ

ફોન :- (૦૨૭૮૨)-૨૨૩૮૬૬,૨૨૪૮૬૯,૨૩૨૪૬૯/૨૨૪૧૧૫/ ફેક્સ : ૨૨૦૧૫૫ /૨૨૪૮૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૦ ફાગણ સુદ ૫ વર્ષ : ૧૮ અંક ૧૭૧

શ્રી ઉંધાડની એન્ટ્રી સામે શ્રી ભાભાની એકઝીટ-ભાજપમાં ગટ આલા પણ સિંહ ગેલા જેવો ઘાટ

ભાજપને કારમો ઘા : આજે શ્રી ભાભાનો કોંગ્રેસમાં પ્રવેશ

હુ પહેલા પણ લોકોની સેવા કરતો હતો અને હજુ પણ સેવા કરતો રહીશ : શ્રી ભાભા

વિધાનસભાની ચૂંટણીમાં ટીકીટમાં કાપી નાખ્યા છતાયે ચુપચાપ અન્યાય સહન કરનારશ્રી ભાભાની વિજય વિશ્વાસ સંમેલનમાં પણ બાદબાકી કરી નખાતા હવે શ્રી ભાભા કોંગ્રેસ પક્ષમાં જોડાશે

પોતાના એક હજાર ટેકેદારો સાથે શ્રી હનુભાભા ભાજપને રામારામ કરી દેશે

કોઇ લાલચથી નહિ પણ એક અદના કાર્યકર્તા તરીકે જોડાવ છું જો પક્ષ ચૂંટણી લડવાનો આદેશ આપે તો પણ ઠીક અને કોંગ્રેસના કોઇ પણ ઉમેદવારને જીતાડવા પણ તૈયાર : શ્રી ભાભા

અમરેલી,

અમરેલી લોકસભાની ચૂંટણીઓ આવે તે પહેલા જ લાઠી વિસ્તારના ધારાસભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપમાં ભળી જતા ભાજપને વધુ બળ મળશે તેવું ગણીત ઉંધુ પડી રહ્યું હોય તેમ આ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને જાણીતા ઉદ્યોગપતિશ્રી હનુભાભા આજે પોતાના એક હજાર કાર્યકરો સાથે ભાજપ છોડી કોંગ્રેસમાં પ્રવેશ કરશે અને ભાજપને ચૂંટણી પહેલા આ પહેલો ફટકો પડી રહ્યો છે.શ્રી ભાભાએ અવધ ટાઇમ્સ સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે પોતાની જીત ભાજપમાંથી નિશ્ચિત હતી પણ ખોટા રિપોર્ટીંગથી તેમની ટીકીટ કાપી નખાઈ હતી અને તેને કારણે ભાજપનો ગઢ ગણાતી લાઠી સીટ ભાજપે ગુમાવી હતી.ભાજપની ટીકીટમાંથી કાંપી નખાયા છતાયે

(અનુસંધાન પાનાં.૭)

બગસરામાં ટ્રક ગટરમાં ખુપી

બગસરામાં ભૂગર્ભ ગટરના ચાલી રહ્યા કામ દરમિયાન એક ટ્રક ખુંપી જતા ચાર કલાકની જહેમત ઉંચી હતી અંતે ટ્રક મહામહેનતે બહાર નિકળ્યો હતો.

સાવરકુંડલાના શિવાજીનગરમાંથી સગીરા ગુમ

સાવરકુંડલા,સાવરકુંડલાના શિવાજીનગર ખાતે સગર પરિવારની ૧૬ વર્ષની દિદકરી ઘરે કોઇને કાંઇપણ કહ્યાં વગર ચાલી ગઇ

(અનુસંધાન પાનાનં.૭)

સાવરકુંડલામાં રીક્ષા ભાડા બાબતે હુમલો

અમરેલી,

સાવરકુંડલામાં રહેતા ભરતભાઇ ચૌહાણને ગામના અમીત વાંઢાળા અને રફીક ગેરેજવાળાએ રીક્ષા ભાડાના પૈસા બાબતે મુંઢ માર માર્યાની ફરિયાદ નોંધાવેલ છે.

ભાજપ શાસિત લાઠી પાલિકા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર

બેઠકમાં ૧૪ વિરૂધ્ધ ૨ મતે અવિશ્વાસ દરખાસ્ત પસાર થઇ : પાલિકાના પ્રમુખ લઘુમતિમાં મુકાશે

અમરેલી,ભાજપ શાસિત લાઠી નગરપાલિકામાં પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થય છે. આ અંગે મળેલી વિગતો અનુસાર લાઠી નગરપાલિકા પ્રમુખશ્રી દામજીભાઇ ડાયાણી દ્વારા વિકાસકામો અન્ય નિયમોમાં સભ્યોને વિશ્વાસમાં ન લેવાતા અપક્ષ સભ્ય જયંતીભાઇ મારૂએ પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત મુકેલી તે અંગે આજે મળેલી પાલિકાની બેઠકમાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થઇ હતી. આ બેઠકમાં ૧૪ વિરૂધ્ધ ૨

(અનુસંધાન પાનાનં.૭)

દોડવાના જમાનામાં પદયાત્રા કરનારી કોંગ્રેસનું આ છે સાચુ ચીત્ર

કોંગ્રેસના કાર્યકર્તાઓ પસીનો વહાવે અને આગેવાનો હેલીકોપ્ટર, એસી ગાડીમાં એશ ફરમાવે : શ્રી પીન્ટુ કુરૂંદલે

અમરેલી પાલિકાના સદસ્ય પીન્ટુ કુરૂંદલે કહે છે કે કોંગ્રેસનો આ સંઘ કચારેય કાશીએ નહી પહોંચે : ગુજરાતભરમાં ફિયાસ્કો થશે

અમરેલી, લાઠીમાં યોજાનારા કોંગ્રેસના જનઆક્રોશ સંમેલન અને દેશભરમાંથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેને પગલે ડુબતી કોંગ્રેસ દ્વારા કરાઈ રહેલા

(અનુસંધાન પાનાનં.૭)

અમરેલીના ચિતલરોડ નજીક બાઈક સ્લીપ થતા આદિવાસી યુવાનનું મોત

અમરેલી,અમરેલીના રાંઢીયામાં રહેતા રાયચંદ કાલચા આદિવાસી મોટર સાયકલમાં ચિતલ રાંઢીયા વચ્ચે પસાર થતા સ્લીપ થતા માથાના ભાગે ઈજા થતા તે મોત નિપજેલ તાલુકા પોલીસ મથકમાં ભુરાર નવલસીંગ ભીલે ફરીયાદ નોંધાવેલ છે.

પાર્કસ/પ્લાસ્ટી સ્ટ્રકચર
100% ગ્યારન્ટીવાળા
• ગ્રાહકોના સંતોષ માટે ખાસ સ્કીમ ચાલુ છે.
• ગ્રાહકોના સંતોષ માટે ખાસ સ્કીમ ચાલુ છે.
મો. ૯૩૭૦૬ ૬૩૧૦૯

નાગરિક બેન્કની વિરૂધ્ધ અફવા ફેલાવનાર સામે પોલીસમાં ફરિયાદ

અમરેલી નાગરિક બેંકના શ્રી પી.પી.સોજીત્રાએ રાજુ બિલખીયા અને મહેબુબ કુરેશી વિરૂધ્ધ ફરિયાદ આપી

અમરેલી,

અમરેલી નાગરિક સહકારી બેંક ઉંઢી ગઇ છે તેવા વોટસઅપ ઉપર મેસેજ મોકલવીને લોકોને અને ડીપોઝીટરમાં ગભરાટ ફેલાવી લોકોને લાખો રૂપિયાનું વ્યાજમાં નુકસાન કરાવવા તેમજ બેંકની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા બદલ બેંક દ્વારા કરાયેલ ઠરાવ અને આપેલ અધિકારીથી

(અનુસંધાન પાનાનં.૭)

ઉત્તરપ્રદેશના તમામ વિસ્તારોને આવરી લેવાશે

મોદી આને વાલા હે નામથી નવુ અભિયાન ચલાવાશે

નરેન્દ્ર મોદી સમર્થક તેમની લહેરને હવે સુનામીમાં ફેરવી નાખવા પ્રયત્નશીલ છે : ૪૦૦ રથ તૈયાર કરવામાં આવ્યા

નવીદિલ્હી,

ભાજપાલોકસભાની ચૂંટણીમાં જીત મેળવવાના હેતુસર તમામ પ્રયોગોકરવાની શરૂઆત કરી દીધી છે. ચૂંટણી પ્રચાર-ના અભિયાનને વધુ તીવ્ર બનાવવાના હેતુસર ભાજપે હવે મોદી આને વાલા હે નામથી નવા અભિયાનની શરૂઆત કરવાની તૈયારી કરી છે. રાજકીય રીતે સૌથી વધારે બેઠકો ધરાવનાર અને સૌથી મહત્વપૂર્ણ ગણાતા ઉત્તરપ્રદેશના તમામ વિધાનસભા ક્ષેત્રોમાં મોદી આને વાલા હે અભિયાન ચલાવવામાં આવશે. આ નવા અભિયાન હેઠળ પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના

(અનુસંધાન પાનાનં.૭)

લીલીયા મોટા ગ્રામ્યલક્ષ્મી બચત સહકારી મંડળીના બાકીદારો સામે ફરિયાદ દાખલ

મંડળીએ છ બાકીદારો સામે કોર્ટમાં ફરિયાદ નોંધાવી

લીલીયા, લીલીયામોટાની શ્રી ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ કરનારી

(અનુસંધાન પાનાનં.૭)

દોલતિમાં પશુઓને કતલખાને ધકેલાતા બે શખ્સો ઝડપાયા

સાવરકુંડલા,સાવરકુંડલાના દોલતિ ગામે કતલખાને જઈ રહેલા પાડાવને ખાંભા ગીરક્ષક સમિતિએ પકડીને બે ઈસમો સાથે પોલીસના હવાલે કર્યા છે.સાવરકુંડલા તાલુકાના દોલતિ ગામે બે પાડાઓને બે

(અનુસંધાન પાનાનં.૭)

ભાવભરી શ્રધ્ધાંજલી

સ્વ. રજનીભાઇ બાબુભાઇ ફીણવીયા - મંગળવાર
સ્વ.તા.૨૫-૨-૨૦૧૪

નાની શી તમારી જીંદગી હતી પણ મોટી માયા લગાડી ગયા, આંખોનું તમે નુર હતા પણ એ આંખોને રડાવી ગયા, કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય અમારા કાળજા કંપાવી ગયા, પરમકૃપાળુ સ્વામિનારાયણ ભગવાન આપના આત્માને શાંતી આપે તેવી પ્રાર્થના...

રજનીકાંત ધોળકીયા - રણછોડભાઇ બોખા
ગોબરભાઇ નારોલા - મનસુખભાઇ બોખા
પ્રદિપભાઇ પંડયા - વિપુલભાઇ બોખા
મું. દામનગર

મોજે ગાવડકા ગામની સ.નં.૨૦૪ની જમીન સબંધે...

જાહેર નોટીસ

આથી હુ સંજીવ સી.મહેતા એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ) તે અમારા અસીલ જ્યોતિ કેમીકલ્સના ભાગીદાર અને વ.ક. જયંતભાઈ વૃજલાલભાઈ સંઘરાજકા રહે. અમરેલી તથા સપના કેમીકલ્સના પ્રોપરાઈટર શોભનાબેન જિતેન્દ્રભાઈ મોદીના પાવર ઓફ એટર્ની હોલ્ડર જિતેન્દ્રભાઈ મોદી રહે. મુંબઈ વાળાની સુચનાથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસથી જણાવવાનું કે, ::-

અમારા અસીલોએ વોશિંગ પાવડર ઉદ્યોગ માટે બીનખેતી થયેલ મોજે ગાવડકા ગામની સ.નં. ૨૦૪ની જમીનો ખરીદેલ. જે જમીન અમારા અસીલની જાણ બહાર અમરેલીના કલેકટરશ્રી સોમપુરાએ તેમના વખતમાં નોટીસ આપ્યા વગર અને સંભળ્યા વગર પુનઃ ખેતીમાં પરીવર્તિત કરી આપેલ છે. જે જમીનના મુળભૂત માલિક કબ્જા ભોગવટાના હક્કો અમારા અસીલ પાસે સને-૧૯૯૪થી અથાટ વેચાણ લેખથી સંપ્રાપ્ત થયેલ છે. આ જમીનમાં ફોઝડ ડોકયુમેન્ટસ ઉભા થયેલ છે અને તેવા બનાવટી અને બોગસ ડોકયુમેન્ટસ આધારે આ જમીન કનુભાઈ સુરજભાઈ કાળીયા વિગેરેએ મિલાપીપણામાં અરૂણાબેન સામતભાઈ સાદીરીયા તે હિંમતભાઈ વિરજીભાઈ વાળાના પત્નિ રહે. ત્રંબકપુર તા. ધારી, જિ. અમરેલીવાળાએ પુનઃ ખોટી રીતે એક વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૭૬૦/૨૦૧૧નો નોંધાવેલ છે. જે દસ્તાવેજ પટેલ પ્રદિપભાઈ પરશોતમભાઈ સોજીત્રા, શ્રીમતિ પટેલ સરલાબેન પ્રદિપભાઈ સોજીત્રા, શ્રી પટેલ અર્જુનભાઈ પ્રદિપભાઈ સોજીત્રા, શ્રીમતિ અમીબેન અર્જુનભાઈ સોજીત્રા, પટેલ રાહુલભાઈ પ્રદિપભાઈ સોજીત્રા તથા દિલિપબેન પ્રદિપભાઈ સોજીત્રાના નામે લખાવી લેનાર તરીકે સદર દસ્તાવેજ નોંધાવેલ છે. જે દસ્તાવેજ વાળી જમીન અને અમારા અસીલ જોગ થયેલ અથાટ વેચાણવાળી જમીન એક જ જમીન છે. આમ આ બાબતે સને-૧૯૯૪માં અમારા અસીલ જોગ થયેલ પ્રથમ વેચાણનો વ્યવહાર કાયદેસરનો હોવા સબંધે અને ત્યારબાદ થયેલ તમામ વ્યવહારો રદબાતલ ગેરકાનુની અને બીન અમલી હોવા સબંધેની જરૂરી દાદ મળવા અમરેલીના મ્હે.સેકન્ડ એડીશનલ સિનિયર સિવિલ જજ સાહેબની અદાલત સમક્ષ જયોતિ કેમીકલ્સના સ્પે.દિ.મુ.નં. ૧૦૮/૨૦૧૩ અને સપના કેમીકલ્સ દ્વારા સ્પે.દિ.મુ.નં.૧૦૯/૨૦૧૩થી કોર્ટ મેટર ફાઈલ કરી આ મીલ્કતના અન્ય હસ્તાંતર જેમાં વેચાણ, ગીરો, બક્ષીસ, મોરગેજ ન કરવા સબંધે જરૂરી મનાઈ હુકમ મળવા પણ માંગણી કરેલ છે. આમ હાલ સમગ્ર મેટર સબ જયુડીસ છે. આ ઉપરાંત અમરેલીના મ્હે. સબ. રજિસ્ટ્રાર સમક્ષ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ-૫૨ અન્વયેની નોટીસ પણ અમારા અસીલોએ નોંધાવેલ છે. જે નામદાર કોર્ટ સમક્ષ પણ રજુ થયેલ છે. આ ઉપરાંત કનુભાઈ સુરજભાઈ કાળીયા અને તેની સાથેના મીલાપીપણામાં જે કોઈ ઈસમોએ બોગસ બનાવટી દસ્તાવેજો ઉભા કરેલ / કરાવેલ છે તે તમામ આરોપીઓ સામે અને જે-તે વખતના કલેકટર પી.આર.સોમપુરા વિરૂધ્ધ પણ ભારતિય ફોજદારી ધારાની જોગવાઈઓ અનુસાર ફોજદારી ફરીયાદ અમરેલીના મ્હે.ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલતમાં દાખલ કરેલ છે જેની જયુડીશ્યલ ઈન્ક્વાયરી હાલ સતત ચાલુ છે તેવા સંજોગોમાં મોજે ગાવડકા ગામની રે.સ.નં.૨૦૪ની જમીન સબંધે કોઈએ પણ કાંઈપણ વ્યવહાર કે વહિવટ કે બાનાખત કે વેચાણ લેખ કે અવેજ આપવો અપાવવો નહી, કે આ જમીન પરત્વે કોઈએ કરજ-બોજો કે ધિરાણ કરવું કરાવવું નહીં જેની જાહેર જનતાએ ગંભીરતા પૂર્વક નોંધ લેવી. આ જાહેર નોટીસ જાહેર જનતાના હિતમાં અને ન્યાયના વિશાળ હિતમાં અસીલોની સુચનાથી અને ફરમાઈશથી પ્રસિધ્ધ કરાવવામાં આવે છે.આમ છતા ઉપરોક્ત જમીન સબંધે કોઈએ કાંઈપણ વ્યવહાર કરે કે કરાવશે તો તેમાં તેવા અસરકર્તા અને સંબંધિત પક્ષકારો વિરૂધ્ધ પણ અમારા અસીલ જરૂરી કાનુની કાર્યવાહી કરશે જેમાં થનાર તમામ ખર્ચ સહ પરિણામની જવાબદારી તેવા વ્યવહારો કરનારની રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમરેલી.
તારીખ : ૧/૩/૨૦૧૪

(૧) જયંત વૃજલાલ સંઘરાજકા તે જયોતિ કેમીકલ્સના ભાગીદાર અને પાવર ઓફ એટર્ની હોલ્ડર દરજ્જે....

(૨) જિતેન્દ્રકુમાર મોદી તે સપના કેમીકલ્સના પ્રોપરાઇટરના પાવર ઓફ એટર્ની હોલ્ડર દરજ્જે

અસીલોની સુચનાથી
સંજીવ સી.મહેતા એડવોકેટ (ગુજરાત હાઇકોર્ટ)

:: જાહેર આભાર ::

(વિશ્વાસની કટોકટીમાં અટળક વિશ્વાસ મુકવા બદલ)

[illegible]

આપના વિશ્વાસુ

પી.પી.સોજીત્રા	એ.કે.ચૌહાણ	જે.એમ.નાકરાણી	અર્જુન સોજીત્રા	મુજફ્ફરહુસેન સૈયદ
પુર્વ ચેરમેન	મેનેજર	એમ.ડી.	ચેરમેન	વા.ચેરમેન

અમરેલી નાગરીક સહારી બેન્ક લી.

પાલિકાના સદસ્યોએ શ્રી કાછડીયાની ઉપસ્થિતી સામે વિરોધ કરીને પોલીસને બોલાવવાનું કહેતા

અંતે લાઠી નગરપાલિકાની અવિશ્વાસ બેઠકમાંથી અપમાનીત બની શ્રી કાછડીયા બહાર નિકળી ગયા

શ્રી કાછડીયાએ સભ્યોને પક્ષનો વ્હીપ આપવાનો હોવાનું જણાવતા શ્રી મારૂએ વ્હીપ તમારે અહી નહી પણ બહાર દેવો જોઇએ તેવુ પરખાવી બહાર જવા તાકીદ કરી

અમરેલી, લાઠી પાલિકાની અવિશ્વાસની બેઠકમાં ગયેલ સાંસદશ્રી કાછડીયાની ઉપસ્થિતીને પાલિકાના અપક્ષ સદસ્યોએ પડકારી અને ચીઠ ઓફિસરને બહાર બંદોબસ્ત છે કે કેમ? તેવો સવાલ કરતા શ્રી કાછડીયાએ અપમાનીત બની બહાર નિકળી જવુ પડયુ હોવાનું ચર્ચાય ખળભળાટ મચાવ્યો છે.જાણવા મળતી માહીતી પ્રમાણે આજે ભાજપ શાસિત પાલિકાના પ્રમુખ સામે અવિશ્વાસ દરખાસ્ત હોય તેની બેઠક હતી આ બેઠકમાં સાંસદશ્રી કાછડીયા ગયા હતા અને ત્યારે અપક્ષ સદસ્ય શ્રી જયંતિભાઇ મારૂએ શ્રી કાછડીયાની ઉપસ્થિતી સામે સવાલ ઉઠાવી અહી બેકમાં સભ્યો સીવાય કોઈ ન હોવુ જોઇએ તેવુ જનણાવતા શ્રી કાછડીયાએ હું પક્ષનો વ્હીપ આપવા આવ્યો છુ તેમ કહેતા શ્રી મારૂએ વ્હીપ બેઠક બહાર આપવો જોઇએ કહી ચીફઓફિસરને આ બેઠક માટે બંદોબસ્ત છે કે કેમ અને હોય તો તેને બોલાવી અનઅધિકૃત વ્યકિતને બહાર કાઢવા રજુઆત કરતા શ્રી કાછડીયાને બહાર નિકળી જવુ પડયુ હોવાની ચર્ચાએ ખળભળાટ મચાવ્યો છે.

ચાંદગઢમાં બાળ સિંહના નખ ગાયબ થતા તપાસ શરૂ

ધારી,અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે શંકાસ્પદ સિંહ બાળના મોતના બનાવમાં સિંહ બાળાના નખ ગાયબ થઈ જતા વન વિભાગ ધંધે લાગ્યુ છે.અમરેલી વન વિભાગના ઈન્ચાર્જ ડી.એફ.ઓ. પુરૂષોતમભાઈ, વનવિભાગના કર્મચારીઓ એફ.એસ.એલ.ની ટીમ ધારીના ડી.એફ.ઓ. અંશુમન સર્મા પણ તપાસમાં સાથે જોડાયા છે. ધારીના ડી.એફ.ઓ. અંશુમન શર્માએ ધારી જંગલ અને રેવન્યુ વિસ્તારમાં સિંહોની સલામતી માટે સઘન પેટ્રોલીંગ વધારવા વન વિભાગના કર્મચારીઓને સુચના આપી છે તેમ હસમુખ દવેની યાદીમાં જણાવેલ છે.

ગુજરાત રાજય સ્ટેટ મોનિટરીંગ સેલ બાબરામાં ત્રાટકયો : ક્રિકેટનો સટ્ટો રમાડતા ત્રણ ઝડપાયા

ક્રિકેટ મેચ બેટીંગનો જુગાર રમાડાતો હતો : ટીવી, લેપટોપ રોકડ મળી રૂા. ૨,૮૧ લાખનો મુદ્દામાલ ઝડપાયો : અમરેલી જિલ્લામાં ખળભળાટ

અમરેલી,

બાબરામાં બાગ્લાદેશ ઢાકા અને શ્રીલંકા અફઘાનિસ્તાન વચ્ચે રમાતી ક્રિકેટ મેચ બેટીંગની સટો ગ્રાહકો સાથે લાઈવ ફોન મારફત સંપર્કમાં રહી હારજીતનો જુગાર રમી નાણાની આપ-લે કરતા મનોજ ટેક્ષંદ મુલચંદાણી રે. રાજકોટખ, સંજય વસંત ભુપતાણી રે. બાબરા, અશોક હેતચંદ વિઘાણી રે. રાજકોટને પોર્ટબલ ટીવી, લેપટોપ, રોકડ મળી કુલ રૂા. ૨,૮૧,૩૦૦ના મુદ્દામાલ સાથે ગુજરાત રાજય સ્ટેટ મોનિટરીંગ સેલના પી.એસ.આઈ. શ્રી ડી.બી.બારડે ઝડપી લઈ ગુનો નોંધેલ છે.

હવેના ચૂંટણી જંગમાં ગમે તેવો ભાષાપ્રયોગ થાય તો

બાબરામાં ભાજપના તાકાત અને એકતા પ્રદર્શન બાદ આજે લાઠીમાં કોંગ્રેસની તાકાત પ્રદર્શન ઉપર મીટ

શ્રી ઉઘાડને ગદારનું બિરૂદ આપી કોંગ્રેસ દ્વારા કેટલી હદે જંગ છેડાશે તેનો અણસાર અપાયો

અમરેલી,લોકસભાના જંગ પહેલા જ પૂર્વ તૈયારી રૂપે તાકાત પ્રદર્શનોની શરૂઆત થઈ ચુકી છે. બાબરા ખાતે ભાજપે તાકાત અને એકતાનું પ્રદર્શન કર્યુ છે. તો સામે કોંગ્રેસ દ્વારા પણ આજે લાઠી ખાતે જનઆક્રોશ સંમેલન દ્વારા નગારે ઘા કરાયો છે અને સાથે સાથે લાઠી- બાબરાના પૂર્વ ધારાસભ્ય શ્રી બાવકુભાઈ ઉઘાડને ગદારનું બિરૂદ આપી અને કોંગ્રેસ કેટલી હદે આક્રમક બનવાની છે અને ભાષાપ્રયોગ માટે કેટલી હદે નીચી જવાની છે તેનો અણસાર પણ આપી દીધો છે.

ઉનાના ગરાળ ગામે વિજચેકીંગ કરવા ગયેલ પીજીવીસીએલના કર્મિ પર તલવાર વડે હુમલો

ફરજમાં રૂકાવટની ફરિયાદ : સારવારમાં દવાખાને ખસેડાયા

ઉના, ઉના પીજીવીસીએલ ૨ર્મા૬૨જ ખજાતના હરેશભાઈ લાલાભાઈ ચાવડા, જુ.એન્જી. નયનભાઈ પરમાર, ઈલે.સાસી મુકેશભાઈ રાઠોડ ગરાળા ગામે અગાઉ વીજ ચેકીંગમાં ઝડપાયેલ કરી વિજ ચોરી નથી કરતાંને માટે ક્રોસ ચેકીંગ કરવા જતા ગરાળના અનુભા રૂપસીંગ વાળા અગાઉ વીજ ચોરીમાં ઝડપાયેલ અને મિટર ઉતારી લેવામાં આવેલ ત્યાં ચેકીંગમાં જતા અનુભા વાળા સાથે ૨૬૦૬ થયેલ જેથી ઉશ્કેરાઈ પીજીવીસીએલના કર્મિ પર તલવાર વડે હુમલો કરી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ કરી છે.

અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવનનો વાર્ષિકોત્સવ યોજાશે

ધો.૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાશે

અમરેલી, અમરેલીમાં શ્રીજી વિદ્યાલય ભુવનનો વાર્ષિકોત્સવ અને ધો.૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ તા.૧૧-૩-૧૪ મંગળવારે રાત્રે ૮ વાગ્યે યોજાશે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થશે તે માટે તડામાર તૈયારીઓ થઈરહી છે.તેમ દિપકભાઈ પી.વઘાસીયા , વિલાસબેન ડી. વઘાસીયા અને શ્રીજી વિદ્યાર્થીભુવન પરિવારવતી મહેન્દ્રભાઈ જોષીએ જણાવ્યુ છે.

ચલાલા નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ સ્વ. રાજુભાઈ વાળાની પ્રથમ પુણ્યતિથી ઉજવાશે

બ્લડ ડોનેશન કેમ્પ, ધુન, બટુકભોજન સહિતનાં કાર્યક્રમો

ચલાલા,

ચલાલા શહેરનાં ક્ષત્રિય યુવા અગ્રણી અને ચલાલા નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ સ્વ. રાજુભાઈ વાળાની પ્રથમપુણ્યતિથિ નિમિત્ત સ્વ.રાજુભાઈ વાળાને ભાવભરી શ્રધ્ધાંજલી અર્પવા માટે ચલાલામાં આજે તા.૫/૩/૨૦૧૪ થી ૯/૩/૨૦૧૪ સુધી જુદા જુદા સામાજીક, ધાર્મિક અને રચનાત્મક કાર્યક્રમો યોજી સ્વ.ને ભાવભરી શ્રધ્ધાંજલી અર્પવાનું આયોજન કરવામાં આવેલ છે. ચલાલા શહેરમાં નાની વયે પોતાના લાગણીસભર સ્વભાવને કારણે ભારે મોટી લોકપ્રિયતા હાંસલ કરનાર અને ચલાલા ન.પા.નાં પૂર્વ પ્રમુખ સ્વ.રાજુભાઈનું અચાનક એક વર્ષ પહેલા તા.૫/૩/૨૦૧૪ નાં રોજ દુખદ નિધન થયેલ છે. સ્વ.રાજુભાઈ વાળાની ઓચીતી વિદાયથી ચલાલા શહેરને આજુબાજુનો વિસ્તાર હિબકે ચડેલ અને શોક વ્યકત કરેલ. આજે સ્વ. રાજુભાઈ વાળાની વિદાયને એક વર્ષ થતાં તેમને શ્રધ્ધાંજલી અર્પવા તેમના પરિવાર અને મિત્ર મંડળદ્વારા તા.૫/૦૩/૨૦૧૪નાં આજે બટુકભોજન, રાત્રીનાં સાંઇ ધુન, દિવસ દરમિયાન આખો દિવસ પક્ષીઓને ચણ, મુંગા પશુઓને ઘાસચારો, શ્વાનને લાડુ, જરૂરિયાતમંદલોકોને અનાજ, વસ્ત્ર, ખગરખાં સહિતની સંપૂર્ણ ફીટ તેમજ તા.૯/૦૩/૨૦૧૪ ને રવીવારનાં સવારનાં ૯ થી બપોરનાં ૩ વાગ્યા સુધી દાનેવ પ્રાથમિક શાળા દાનેવ સોસાયટીમાં બ્લડ ડોનેશન સહિતનાં કાર્યક્રમો રાખી સ્વ.રાજુભાઈ વાળાને યાદ કરી તેમના કામોને યાદ કરી ભાવભરી શ્રધ્ધાંજલી અર્પવા માટેનાં કાર્યક્રમો રાખવામાં આવેલ છે. આ તમામ શ્રધ્ધાંજલી કાર્યક્રમો માટે વાળા પરિવારનાં દિલુભાઈ વાળાનાં માર્ગદર્શન નીચે શીવરાજભાઈ વાળા અને વાળા પરિવાર સહિત સ્વ.રાજુભાઈ વાળાનું દાનેવ સોસાયટી મિત્ર મંડળ જહેમત ઉઠાવી રહ્યું છે. તેમ પ્રકાશ કારીયાની યાદીમાં જણાવેલ છે.

ઉના બકાલા માર્કેટમાં રીક્ષાઓ હટાવાઈ

ઉના,

ઉનાના પી.આઈ.ની સુચનાથી ટ્રાફીક જમાદાર શ્રી કાનજીભાઈ ચુડાસમા અને તેમની ટીમે ઉના શહેરના વેરાવળ રોડ ઉપર વધતી જતી ટ્રાફીક સમસ્યા નોહલ કર્યો અને ઉનાના બકાલા માર્કેટ ઉપર આરેઘડ રીક્ષાઓની નડતર પણ દુર કરી અને ઉનાના એસ.ટી. ડેપોમાં બસને તેના સ્ટેન્ડ ઉપર જ રાખવા ઉનાની ટ્રાફીક પોલીસે આવેદનપત્ર આપ્યુ આ રીતે ઉનામાં ટ્રાફીક સમસ્યાનું નિવારરણ કરવા પોલીસે કાયદેસરી કાર્યવાહી હાથ ધરી છે.તેમ મહેશ બાંભણીયાની યાદીમાં જણાવાયુ છે.

ચલાલામાં યુવાને ફીનાઈલ પીધુ

અમરેલી,ચલાલામાં રહેતા રવિ અશોકભાઈ વાઘેલા ઉ.વ.૨૧ની પાસે તેમનો મિત્ર ઉછીના પૈસા માંગતા લાગી આવતા ફીનાઈલ પી જતા તેને સારવારમાં અમરેલી દવાખાને ખસેડાયેલ છે.

અમરેલી નાગરિક બેન્ક સામે ઉઠેલી અફવાની આંધી શાંત બેન્કની રકમનાં માત્ર ૧૦ ટકા રકમ ઉપડી : લોકોનો સહકાર

પાંચ દિવસમાં નાગરિક બેન્કે સભાસદોને રૂપિયા વીસ કરોડ ચૂકવ્યાં : ચાર કરોડની રીકવરી આપી બેન્કની અકસ્યામત ઢોટસો કરોડ કરતા પણ વધારે છે

શ્રી પી.પી. સોજીત્રાની કાબેલીયતને કારણે બેન્ક ડુબતી બચી ગઈ : પારદર્શક વહીવટ કામ લાગ્યો

અમરેલી,અમરેલીની નાગરિક સરકારી બેન્ક સામે ઉઠાડાયેલી અફવા આંધી આખરે શાંત થઈ છે અને પંચ તપાસમાં બેન્કે રૂપિયા વીસ કરોડ જેવી રોકડ રકમ ચુકવી હતી. તો બેન્કનાં પૂર્વ ચેરમેન અને ડાયરેકટર શ્રી પી.પી. સોજીત્રાની કાબેલીયત અને તેમના ઉપર લોકોનાં વિશ્વાસને કારણે નાગરિક બેન્ક ડુબતી બચી ગઈ છે.મોટી રીતે ઉઠાડાયેલી અફવાને પગલે જો નાણા ઉપાડવાનું ચાલું રહ્યું હોત તો કોઈ કારણ વગર માત્ર અફવાને કારણે બેન્ક ખાડામાં જાત, પણ શ્રી સોજીત્રાની કુનેહ અને તેમના ઉપર લોકો, વ્યાપારીઓના વિશ્વાસને કારણે સૌ સારાવાના થઈ ગયા છે.પંચ દીવસ દરમિયાન બેન્કે લોકોને વીસ કરોડની રકમ ચુકવી હતી. અને ચાર કરોડની રીકવરી આવી હતી. આમ, બેઠકની ઢોઢ સો કરોડ ઉપરાંત મુડીનાં માત્ર દસ ટકા જેવી રકમ ઉપડી હતી.

મિત્રોની મહેફિલ સુની પડી : અમરેલીમાં શોક છવાયો

નવસારી પાસે અકસ્માતમાં અમરેલીનાં આશાસ્પદ રજપુત યુવાનનું કરૂણ મૃત્યુ

સદગતની અંતિમવિધીમાં શ્રી શરદ લાખાણી, શ્રી વિમલ કથીરીયા, મદદ કાર્યાલય ખાતેથી શ્રી હિરેન વાળાની ઉપસ્થિતિ

અમરેલી, અમરેલીનાં જલારામનગર પાસેનાં સહજાનંદનગરમાં રહેતા અને નવસારીનાં વીખલી નજીક વાસદા ખાતે ચાલતા ભુગર્ભ ગટરની યોજનાના સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અમરેલીનાં શ્રી તેજસ ગોવિંદભાઈ ભારેયા(ઉ.વ.૨૭) ની બાઈકને ગતરાત્રીનાં ઘરમપુરમાર્ગ ખાતે હડકેટે લેતા આશાસ્પદ કારડીયા રજપુત યુવાન શ્રી તેજસનો જીવનદીપ બુઝાઈ ગયો હતો.તેમના મુનદેકને અંતિમવિધી માટે વતન અમરેલી લાવવામાં આવ્યો હતો. તેમના નિધનનાં સમાચાર મળતા મદદ કાર્યાલય ખાતેથી તેમના દિલોજાન મિત્ર શ્રી હિરેન વાળા નવસારી દોડી ગયાં હતાં અને અમરેલી ખાતે તેમની અંતિમ યાત્રામાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શરદ લાખાણી તથા કોન્ટ્રાકટર અગ્રણી શ્રી વિમલ કથીરીયા સહિતનાં આગેવાનો ઉમટી પડયા હતા.તેમનું ઉઠમણું તા ૧.૦૬-૩-૧૪ને ગુરૂવારે તેમના નિવાસ સ્થાન ખાતે રાખવામાં આવેલ છે.

જાત્રોડા આશ્રમમાં શ્રી શિવ મહાપુરાણ

લીલીયા, લીલીયાના ભાણકુવા આશ્રમમાં આગામી તા. ૧૮-૩ થી તા. ૨૮-૩-૧૪ સુધી શ્રી શિવ મહાપુરાણનું આયોજન તમાતમારવામાં આવેલ છે. આ કથાની વ્યાસપીઠ ઉપર વકતાશ્રી રમેશગીરીબાપુ (ભારાવાળા) બીરાજી કથાનું રસપાન કરાવતમો. કથામાં તા. ૨૩ નાં રોજ સતી પ્રાગટય તા. ૨૬ ગણેશ ઉત્સવ, તા. ૨૫ શિવપાર્વતી વિવાહ, તા. ૨૭ બાર જ્યોતિ તમાતમાતમા મહાપુજન અને તા. ૨૮ ના રોજ કથાની પુર્ણાહુતિ કરવામાં આવશે. કથાનું દિપપ્રાગટય રાઘવદાસ બાપા મોટા કલકોટના વરદ હસ્તે કરવામાં આવશે દરરોજ રાત્રીના નામી અનામી કલાકારો સંતવાણીમાં જમાવટ કરશે. કથાની પુર્ણાહુતિના દિવસે ગામ ઘુમાડાર્યબંનું આયોતમાન થયેલ છે. કથાનો સર્વધર્મ પ્રેમી જનતાએ લાભ લેવા મહંત અશોકબાપુ ગુરૂ પિતાદર દાસબાપુની યાદીમાં જણાવેલ છે.

લગ્નજીવનના ૫૦ વર્ષની અનેરી ઉજવણી

બગસરા લોહાણા મહાજન વાડીની ફ્રેમ બનાવવા દામોદરભાઈ ખીમાણીએ માતબર રકમનું દાન આપ્યું

બગસરા,

લગ્નજીવનના ૫૦ વર્ષ પુર્ણ થવાથી ઉજવણીના ભાગ રૂપે દામોદરભાઈ વૃજલાલ ખીમાણી હળીયાદવાળાએ લોહાણા મહાજનવાડી બગસરામાં રૂમ બનાવવા રૂા. ૫૧૦૦૦ માતબર રકમ દાન આપી પ્રસંગની અનુકરણીય ખુશાલી વ્યકત કરીછે. દામોદરભાઈએ અનેક ધાર્મીક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ તથા જરૂરીયાત મંદ લોકોને વ્યકિતગત દાન આપીને બગસરામાં નિસ્વાર્થ સખાવતી તરીકે વિશેષ ઓળખ પ્રસ્થાપીત કરી છે. જેનું બગસરા લોહાણા જ્ઞાતિનું ગૌરવ છે.

ઉપરોકત દાનની એક અપુર્વવિધિ સમયે મહાજનના પ્રમુખ ભીખુભાઈ સેંજપાલ અને ઉપપ્રમુખ ભરતભાઈ ચંદારાણ ઉપસ્થિત રહયા હતા અને દામોદરભાઈની આ સખાવતને બીરદાવી હતી અને જ્ઞાતિ વતી ધન્યવાદ પાઠવ્યા હતા.

અમરેલીમાં વિજ્ઞાન દિન ઉજવાયો

અમરેલી

,અમરેલીમાં રોકડીયા હનુમાનપરા પ્રાથમીક શાળામાં તા. ૨૮ના રોજ આંતરરાષ્ટ્રિય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવી હતી. વિજ્ઞાન કવીઝ ધો. ૫ થી૮ના બાળકો વચ્ચે યોજવામા આવી જેમા વિજેતા બાળકોને ઈનામો આપી પ્રોત્સાહીત કરાયા હતા. અને વિજ્ઞાન પ્રત્યે જાગૃતી કેળવવા પ્રવચનો થયા હતા. ડો. સીબી રામનની યાદમાં વકતવ્ય અપાર્યુ હતુ આ કાર્યક્રમનું સંચાલન આશિયભાઈ વોરાએ કર્યુ હતુ.

ગાધકડામાં રામગીરીબાપુના શિષ્યની અનેક સેવાઓ

મોટાભમોદરા,સાવરકુંડલાના ગાધકડા ગામે રહેતા હરદાસ કાસડીયાની ઉતમ સેવાભાવના છે નાનામાનાના ગરીબ માણસોને દવાખાનુ હોય કે ગમે તે હોય મદદરૂપ બને છે કુંભમા પણ અનેક કેમ્પો યોજી સેવા આપે છે. ગામમા નિસ્વાર્થ ભાવે સેવા બદલ મોટા ભમોદરા દરબાર શ્રી વનરાજબાપુ તથા કાળુભાઈ પટેલ અને સુરત સોશ્યલ ગ્રુપે સન્માન કર્યુ હતુ તેમ જણાવ્યું છે.

બાબરાના ખૂન કેસમાં આરોપીઓનો છુટકારો

અમરેલી,બાબરાના ખૂનકેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયેલ છે.આ કેસની વિગત અનુસાર બાબરામાં રહેતા મામૈયાભાઈ કલ્યાણભાઈ પરમારની પત્નિ લીલાબેનને ગામના પશુ ગેમાં મકવાણા સાથે આડાસંબંધ હોય મામૈયાની કાસળ કાઢી નાખવા પશુ ગેમાં, વિક્રમ ભીમા હાંડા રે. સણોસરા, લીલાબેન મામૈયા, અગ્વિન ભીમાએ મામૈયાને ગેતા તા. ૧૭-૧-૧૩નાં રોજ વાડીએ લઈ જઈ કુવામાં નાખી પથ્થર મારી ખૂન કરી લાશને કુવામાંથી બહાર કાઢી નગ્ન હાલતમાં કાનજીભાઈના ખેતરના શેઢે દાટી દીધી હતી. આ અંગે બાબરા પોલીસ મથકમાં કલ્યાણભાઈ પરમારની ફરીયાદ નોંધાવેલ જે કેસ અર્દિની એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતા એડી. સેશન્સ જજશ્રી કે.ડી.પરમારે પશુ મકવાણા, વિક્રમ ભીમા, લીલાબેન મામા, અગ્વિન ભીમાને નિર્દોષ છોડી મુકવા હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં બચાવપક્ષ વકિલ ઉદયનભાઈ ત્રિવેદી અને કે.બી.કેસરીયાએ દલીલો રજૂ કરી હતી.

ચલાલા નગરપાલિકાના પુર્વ પ્રમુખ સ્વ. રાજુભાઇ વાળાને પ્રથમ પુણ્યતીથીએ ભાવભીની

શ્રધ્ધાંજલી

જીંદગી હતી ટુંકી છતા મમતા ઘણી મુકી ગયા, છાના ખુણે રડી લઈશુ જયારે આવશે તમારી યાદ, કયારેય ન કલ્પી શકાય તેવી તમારી ઓચીંતી વિદાય અમારુ કાળજુ કંપાવી ગઈ, સ્વર્ગમાં તમારા દીવ્ય આત્માને પ્રાર્થના છે કે અમારા કઠોર સમયે અને દરેક પ્રસંગે સમક્ષ રહી અને પ્રસંગ મહેકાવજો એવી પ્રભુ પાસે પ્રાર્થના આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતી આપે એજ પ્રાર્થના...

સ્વ. રાજુભાઇ બી. વાળા
પુર્વ પ્રમુખ ન.પા. ચલાલા
સ્વ. તા. ૫-૩-૨૦૧૩ મુ. ચલાલા

બિસુભાઈ દાદાભાઈ વાળા - દિલુભાઈ દાદાભાઈ વાળા
શિવરાજભાઈ બિસુભાઈ વાળા - ઉમેશભાઈ આપાભાઈ વાળા
જયવિરભાઈ આપાભાઈ વાળા - સુર્યવિરભાઈ આપાભાઈ વાળા
અનિરૂધ્ધભાઇ દિલુભાઈ વાળા - મહાવીરભાઈ આપાભાઈ વાળા
જનકભાઈ જસુભાઈ વાળા - પ્રતિપાલ રાજુભાઈ વાળા
તથા વાળા પરિવાર અને દાનેવ સોસાયટી ગ્રૂપ ચલાલા

૧૯૬૯ થી અમરેલીમાં દર ગુરૂવારે મળે છે
પુરૂષોનાં જાતિય રોગો?
જાતીય નબળાઇ. શિઘ્ર સ્ખલન, શિથીલતા
નિ:સંતાન શુક્રાણુની ખામી
માટે અનુભવ સિઘ્ધ આર્યુ. ઉપચાર
વૈદ્ય દિનેશભાઇ ગોરધનદાસ જૂનાગઢવાળા
રામ બ્રધોસે ગેસ્ટ હાઉસ ટાવર ચોક અમરેલી
૯૮૨૪૩ ૫૦૬૮૮

શ્રી મોડલ ટુર્સ
ન્યુ લાન્ડ, મર્સીડીઝ, માચવો, ઈનોવા, સ્કોર્પીયો, ટાવેરા, વગેરે ગાડીઓ ભાડેથી મળશે.
જયંતીભાઈ બાંભરોલિયા
મો.૯૬૯૮૭ ૮૪૧૧૪ / ૯૮૨૫૪ ૬૯૨૬૬

અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

ફેકટરીમાં ભાગીદારની જરૂર છે
કંપની ડીટેઈલ
પ્રીઝમ ઈરીગેસન પ્રા.લી.
GIDC અમરેલી
કોન્ટેકટ - ૯૯૭૯૬૮૭૮૭૧

શ્રીજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ઇનોવા, ટાવેરા, ઇન્ડીકા વીસ્ટા, એ.સી. તથા નોન એ.સી. વિગેરે ભાડે મળશે.
પરમાનંદ માર્કેટ, ૧ લે માળે, પંજાબ બેંકની બાજુમાં ટાવર રોડ, અમરેલી.
પાર્થ જગડા મો. ૯૯૦૯૧ ૩૩૩૬૬
ગૌરાંગ ઢકાણ મો. ૯૬૮૭૫ ૧૬૩૧૬

લકઝુરિયર્સ 3 મકાન વેચવાના છે
શું તમારે સસ્તામાં મકાન જોઇએ છે ?
૫-રૂમ, કિચન, પ્લાનપાસ રજાચઠ્ઠી સાથે તથા પાણીનો દાર, લાઈટના મીટર, તથા બીજી કેટલીય અન્ય સુવિધાઓ સાથેનું નવુજ બાંધકામ એ પણ ઓછી કિંમતમાં કસોકસ ભાવમાં તમોને પહેલીજ નજરે ગમી જશે અને પહેલીજ બેઠકે તમો માંગો એજ તમારા બજેટમાં નકો લીધા વગર પડતર ભાવે તમારી કિંમતે મળશે. જો તમે માગતા ભુલો અને આપતા ભુલીએ
રૂબરૂ મળો - દેવકરણ પટેલ (બાગબાન)
બ્રાહ્મણ સોસાયટી, સ્વામીનારાયણ નગર વિ. ૧ પ્લોટ નં. ૬૨, રામનગર શેરી નં. ૬ જલારામ સ્ટોર સામે, અમરેલી.મો. ૯૬૯૮૮ ૫૫૪૪૪ - ૯૪૨૬૩ ૫૩૪૭૭

તીર્થ યાત્રા પ્રવાસ
શ્રી ચારદ્યામ યાત્રા
પ્રવાસ દિવસ - ૫૫ થી ૬૦ - ઉપડવા તા. ૩૧-૩-૧૪
બદ્રીનાથ, રામેશ્વર, દ્વારકાર જગન્નાથ પુરી સાથે ૧૨ જ્યોતિલીંગ
પરશોતમભાઇ બી.દવે
મો. ૦૯૪૨૮૯ ૬૮૬૭૯ - ૦૯૮૨૫૭૦ ૧૯૩૦૬

૨ બ્લોક વેચાવ છે
ચકકરગઢ રોડ સરદારનગર શેરી નં.૩ તેમા ૩ રૂમ રસોડુ
મો. ૯૮૨૪૨ ૮૨૬૨૦
મો. ૯૩૭૭૯ ૯૬૮૨૦

'' હવે રાજકોટ - અમદાવાદ જવાની જરૂર નથી આપના વાકાચુકા દાત ''કોઇપણ ઉમરે સીધ્ધા કરાવી શકો છો'' તો આજે મળો
રોયલ ડેન્ટલ કલીનીક જુનાગઢ
મો. ૦૭૮૭૪૧૧૦૭૫
મેરવાણીયા ડેન્ટલ કલીનીક - બીલખા
ફોન નં. (૦૨૮૫) ૨૬૮૩૮૯

બુધવારે અમરેલીમાં મળશે
ડૉ. મૃદુલા શાહ (રાજકોટ વાળા)
ટાંકા લીધા વિના માત્ર દવા લગાવી ઇનાની ટુટ સાંધવા માટે મળો
દર્શન ફીઝીયોથેરાપી હોસ્પિટલ
મહાવી કોમ્પલેક્ષ, બસ્ટેન્ડ માર્કેટ સામે, સુભાષરાયણ રોડ.
મો. ૦૨૭૮૬ ૬૦૧૦૪ / મો. ૦૫૮૨૪ ૦૬૮૮૨
ઉપર અગાઉની જાત નોંધવાવું જરૂરી

પહેલીજ બેઠકે તમો માંગો એજ તમારા બજેટમાં નકો લીધા વગર પડતર ભાવે તમારી કિંમતે મળશે.
જો તમે માગતા ભુલો અને આપતા ભુલીએ
રૂબરૂ મળો - દેવકરણ પટેલ (બાગબાન)
બ્રાહ્મણ સોસાયટી, સ્વામીનારાયણ નગર વિ. ૧ પ્લોટ નં. ૬૨, રામનગર શેરી નં. ૬ જલારામ સ્ટોર સામે, અમરેલી.મો. ૯૬૯૮૮ ૫૫૪૪૪ - ૯૪૨૬૩ ૫૩૪૭૭

જોઇએ છે
નામાંકીત કંપની માટે ભાઈઓ તથા બહેનોની જરૂર છે માર્કેટીગ કરી શકે તેવા આકર્ષક પગાર + કમીશનથી કામ કરી શકે તેવા ધો.૮ પાસથી ગ્રેજયુએટ સુધી
સનરાઇઝ માર્કેટીંગ
કોન્ટેકટ - ૯૭૧૪૫ ૨૦૬૧૪

ઓપરેટર જોઇએ છે
કોમ્પ્યુટરના જાણકાર લેડીઝની જરૂર છે ઓફિસમાં બેસી વર્ક કરી શકે તેવા આકર્ષક પગારથી જરૂર છે
કોન્ટેકટ - ૯૭૧૪૫ ૨૦૬૧૪

ડો. કૃતિકા એચ. શાહ
કાન - નાક- ગળાના સર્જન M.B.D.L.O
૦ કાનના પડદાનાં ઓપરેશનનાં નિષ્ણાંત ૦ એન્ડોસ્કોપીક સાયનસ સર્જરીના નિષ્ણાંત ૦ કાકડાનું ઓપરેશન, નાકના પડદાનું ઓપરેશન ૦ ગળાની દુરબીનથી તપાસ, કેન્સરનું નિદાન તેમજ સારવાર એંગેનું માર્ગદર્શન
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયારોડ, અમરેલી ફોન. ૦૨૭૯૨ - ૨૩૩૫૮૦ - ૨૨૬૫૦૦

શ્રી ગણેશ ડાઇનીંગ હોલ : કેટરર્સ
સત્યમ કોમ્પલેક્ષ, નાના બસ સ્ટેન્ડ પાસે, અમરેલી
ફો.ઓ. ૨૨૫૬૩૩, મો. ૯૩૭૭૪ ૪૮૧૩૬

જ્યાં સુધી રોડનું કામ ચાલે છે ત્યાં સુધી

ગાવડકા- માણેકવાડા રોડ ક્રોસ કરીને પાણીની લાઇન પસાર કરી શકાશે

ખેડુતો એક ખેતરમાંથી બીજા ખેતરમાં પાણીની લાઇન નાખી શકશે : જિલ્લા પંચાયત પ્રમુખની રજુઆત ફળી

અમરેલી, ગાવડકા- માણેકવાડા રોડને પહોળો કરવાનું કામ ચાલી રહયુ છે.તે દરમિયાન ખેડુતો રોડકોસ કરીને વિનામૂલ્યે એક ખેતરમાંથી બીજા ખેતરમાં લાઈન પસાર કરી શકશે.આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર હાલમાં ગાવડકાથથી માણેકવાડા સુધીનો રસ્તો પહોળો બનાવવાની કામગીરી ચાલુ છે.આ બની રહેલ માર્ગની કામગીરી દરમ્યાન ખેડુતોએ એક ખેતરથી બીજા ખેતર સુધી રોડ ક્રોસ કરી ખેતરોમાં પાણીની પાઈપ લાઈન પસાર કરવા માંગતા હતા તે ખેડુત ભાઈઓની માંગ મુજબ માર્ગ અને મકાન વિભાગને રજુઆત કરતા સબંધીત વિભાગ દ્વારા ખેડુતો હાલ જે રોડનું કામ ચાલી રહયુ છે તે દરમ્યાન કોઈપણ જાતની અરજી કર્યા વગર તેમજ કોઈપણ જાતની રકમ ભર્યા વગર પાણીની પાઈપ લાઈન રોડ ખોદીને પસાર કરી શકશે અને તે રીતે એક ખેતરથી બીજા ખેતરે પાણીની પાઈપ લાઈન રોડ ક્રોસ કરી વગર અરજી અને વગર પૈસે પાઈપ લાઈન નાખી શકશે આમ જિલ્લા પંચાયત અમરેલી પ્રમુખ શ્રી શરદ લાખાણીએ માર્ગ અને મકાન વિભાગમાં કરેલ રજુઆતને સફળતા મળતા ખેડુતોને એક વધુ ફાયદો કરવી આપેલ છે.

બાબરાના લાલકામાં વિકાસકામોમાં ગેરરીતીઓ અટકાવો

ગ્રામપંચાયતના સદસ્યોએ બાબરાના ટીડીઓને લેખીત રજુઆત કરી

બાબરા,

બાબરા તાલુકાના લાલકા ગ્રામ પંચાયત દ્વારા ચાલી રહેલા વિકાસ કામોમાં ચાલતી ગેરરીતી અટકાવવા ગ્રામ પંચાયતના સદસ્યોએ ટીડીઓને લેખીત રજુઆત કરી છે. લેખીત રજુઆતમાં સંજુબેન પાચાભાઈ, કુરજીભાઈ ટપુભાઈ, લક્ષ્મીબેન વાલાભાઈ, જનકભાઈ બાવરીયા, ધીરૂભાઈ જીણાભાઈ ભરતભાઈ ભાણાભાઈ કનુપરી દેવપુરી હમીરભાઈ મેરાભાઈ વિગેરે ગામમા એ.ટી.વી.ટી. યોજનામા તથા ભુગર્ભ ગટર અને આર.સી.સી. રોડનું કામ ચાલુ છે જે કામ નબળુ થતુ હોય અવાર નવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી તાત્કાલીક તપાસ કરવા માંગણી કરી છે.

સાવરકુંડલામાં ઋષી નામના ડોગને મિનરલ વોટર જ ફાવે

તરસ લાગે ત્યારે દેવળાગેટના ગલ્લે પહોંચી જાય છે

સાવરકુંડલા,સાવરકુંડલાના દેવળાગેટ વિસ્તારામં એક કુતરાને મિનરલ વોટર પીવા જોઈએ છે કુતરાને લોકોએ ઋષી નામ આપ્યું છે તે કુતરો હાલ રોજબરોજ મિનરલ વોટરના પાઉચ સફાચટ કરી લોકોમાં પાણીવાળા ડોગીની ઉપમાં મેળવી રહ્યો છે. અહીં સવાર થતા જ ભાણાભાઈના માર્બલના કારખાને આવી જાય છે જેથી ભાણાભાઈ સવારમાં જ તેને પાણીનું પાઉચ પીવરાવી દે છે બાદમાં છેક સાંજ સુધી આ ક્રમ સમયાંતરે શરૂ જ રહે છે ત્યારે ફક્ત પાઉચનું જ પાણી પીતો આ ડોગીને જોવા લોકો સાંજ થતા જ ઘસી આવે છે.

અમરેલીમાં વિજ્ઞાન કાર્નિવલ તરીકે ઉજવણી

જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ગુજકોસ્ટનું

અમરેલી ,ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર પુરસ્કૃત ડીસ્ટ્રીકટ ક્રોમ્યુનિટી સાયન્સ સેન્ટર ,શ્રી ગિરધરભાઈ સંચાલાલય- બાલભવન,અમરેલી ધ્વારા માર્ચ ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન વિજ્ઞાન સપ્તાહ અંતર્ગત અનેકવિધ સાયન્સના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હતા. તા. ૪/૨/૨૦૧૪ ના રોજ વર્લ્ડ મ્યુઝિયમ અને વર્કશોપ તા. ૫/૨/૨૦૧૪ ના રોજ વર્કશોપ ઓન ક્ન્ઝર્વેશન ઓફ એકઝીબીટસ, તા. ૬/૨/૨૦૧૪ ના રોજ એમ્યુઝિયમ પ્રીઝર્વેશન એન્ડ ક્ન્ઝર્વેશન ઓફ સ્ટફ એનીમલ્સ, અમરેલી મ્યુઝિમય ખાતે યોજાયા હતા. તા. ૧૨/૨/૨૦૧૪ ના રોજ શ્રી મેનીલીવ : સાયન્સ વર્કશોપ ભીલડી પ્રા.શાળા, તા. ૧૪/૦૨/૨૦૧૪ સાયન્સ ફેર ચરખા પ્ર.શાળા . તા. ૧૪-૨-૨૦૧૪ અંધ્શ્રધ્ધા - કાર્યક્રમ બાબરીયા ધાર, તા.૧૮-૨-૨૦૧૪ અંધ્શ્રધ્ધા - કાર્યક્રમ દલખાણીયા, તા. ૧૯-૨-૨૦૧૪ ડીબેટ કોમ્પીટીશન , ભીલડી પ્ર. શાળા, તા. ૨૨/૦૨/૨૦૧૪ ,ગ્રામસભા અનેવાલી સંમેલન, બાલ કેળવણી મંડળ બગસરા, તા. ૨૨-૦૨-૨૦૧૪ વર્કશોપ, ડેમોન્સ્ટ્રેશન એકઝીબીશ, આદર્શન મા. શાળા, ચરખા, તા. ૨૩-૧-૧૪ બાયોટેક કોર્નર ઉદઘાટન તથા વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજીની સમજણ તા. ૨૩-૦૨-૨૦૧૪ પોપ્યુલર લેકચર અંતર્ગત ગ્રેટ મેજાશીયનકે. લાલ સાથે તા. ૨૬ અને ૨૮ મી ફેબ્રુઆરી ૨૦૧૪ નેશનલસાયન્સ ડે અંતર્ગત મેગા વર્કશોપ, પારેખ મહેતા મીડલ સ્કુલ, અમરેલી , તા. ૨૮-૦૨-૧૪ ડીબેટ યાજ્ઞીક હાઈસ્કુલ, સલડી , તા. ૨૮/૦૨/૧૪ ના રોજ ફોરમ હાઈસ્કુલ પોસ્ટર પ્રદર્શન તથા બાળ પ્રતિભાવ જેવા અનેકવિધ કાર્યક્રમો જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર , અમરેલી ધ્વારા હાથ ધરવામાં આવેલ. જેમાં વિષય શ્રાતા તરીકે ડી.એન. આર. શાહ, હેડ ઓફ ધી. ડીપાર્ટમેન્ટ ઓફ ફિઝીક્સ વિભાગ, એમ.એસ.યુનિ વડોદરા,પ્રો. ડોડીઆ, ડી.એમ.કે. ગોડલીયા શ્રી દિનેશભાઈ ત્રિવેદી શ્રી જીજ્ઞેશભાઈરૈયાણી શ્રી હરેશભાઈ ઢોલરીયા - કચ્છ -ભુજ ,શ્રી દેવરાજભાઈ પટેલ- આફ્રીકા, શ્રી પ્રણવભાઈ ઠક્કર , વડોદરા , શ્રી લીલાબેન શાહ - બગસરા, શ્રી દેવચંદભાઈ સાવલીયા, બગસરા ,શ્રી બી.જા ઉપાધ્યાય, વિગેરે મહાનુભાવોએ સેવાઓ પ્રદાન કરેલ.

ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે અર્ભેના અનેકવિધ કાયર્ધક્રમો સફળ પૂર્વક અને દરેક શાળાના આચાર્યશ્રીઓ તથા સ્ટાફગણના અનેરા સહકાર ધ્વારા વિજ્ઞાન સપ્તાહ અંતર્ગત ઉમંગભેર વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારના અભિગમ સાથે સફળતા પ્રદાન થઈ હતી.

સંસ્થાના બેરમેનશ્રી જવાહરભાઈ મહેતા, કો -ચેરમેનશ્રી ડો. જસાણી, નિયામકશ્રી હિરલાલ શાહ, વાઈસચેરમેનશ્રી ધનશ્યામભાઈ પરીખ, મંત્રીશ્રી કિશોરભાઈજ મહેતા, મંત્રીશ્રી મનિષભાઈ દવે તથા એડવોકેટ -વ- સલહાકારશ્રી જયંતિભાઈ રાવળ, એડવોકેટ -વ- સલહાકારશ્રી બાલાભાઈ(માંજરીયા ધ્વારા શાળના આચાર્યશ્રીઓ તથા સ્ટાફગણે પ્રદાન કરેલ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરેલ.

એડી .ડાયરેકટર શ્રી નિલેશ કે પાઠક, પ્રોફે. ડોડીઆ, ડો. ગોંડલીયા, શ્રી શાંતિભાઈ જેઠવા , શ્રી દિનેશભાઈ ત્રિવેદી ,શ્રી અરૂણભાઈ પાનસુરીયા , શ્રી ચેતન પાઠક, શ્રી પંકજ લક્કડી , ડો. નિપાંત જોષી, શ્રી બાબુભાઈ ટાંક, શ્રી રમણીકભાઈ વાકોતર, શ્રી વિજયભાઈ નાંઢા, પ્રો. ઠોશી, ધ્વારા કાર્યક્રમના આયોજન અને વ્યવસ્થાપન માટેની જહેમત ઉપઠાવવમાં આવેલ હતી.

વિશ્વ પ્રસિધ્ધ યોગઋષિ બાબા રામદેવજી જુનાગઢમાં

શુક્ર શનિ બે દિવસ કાર્યક્રમો : યોગશિબિર

જુનાગઢ,(હિતેશ પારેખ)વિશ્વ વિખ્યાત યોગઋષિ બાબારામદેવજી જુનાગઢમાં બે દિવસ સુધી હાજરી આપશે વિશ્વ પ્રસિધ્ધ યોગઋષિ બાબારામદેવજી મહારાજનાં આગામી શુક્રવારે અને શનિવાર એમ બે દિવસ જુનાગઢખાતે અભુતપુર્વ કાર્યક્રમ યોજવામાં આવી રહયો છે. સમગ્ર ભારત વર્ષને યોગ સાધના સાથે તંદુરસ્ત ભારતનું, સ્વસ્થ ભારતનું અને સમુધ્ધ ભારત જેવોએ સ્વપ્ન સેવ્યું છે. તેમજ ભારત સ્વાભિમાન પતંજલ યોગ સમિતિનાં માધ્યમથી રાષ્ટ્રના ખુણે ખુણે યોગ સાધનાની શિબિરો યોજી અને સ્વસ્થ ભારતનાં સ્વપ્નને સાકર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે.

AVADH TIMES DAILY
सत्यमेव जयते
અવધ ટાઇમ્સ
તા. ૫-૩-૨૦૧૪ બુધવાર

મિ.મોદીને ખબર નથી કે તક્ષશિલા પાકિસ્તાનમાં ને નાલંદા ભારતમાં છે

કોંગ્રેસના એક પ્રકારના પ્રવકતા અને ગાંધી પરિવારના તરફદાર સેવક મણિશંકર અય્યર હવે નિયમિત રીતે વડાપ્રધાનના દાવેદાર મિસ્ટર મોદી સામે વિવિધ બુલેટિન પ્રસારિત કરતા જ રહે છે. તેઓ હંમેશા મોદીના બૌદ્ધિક રીતે વિરોધ કરે છે, અન્ય વિરોધીઓની જેમ વ્યર્થ ઉહાપોહ કરતા નથી.

દેશના મીડીયા સાથે તેમને ખુબ સારો ઘરોળો છે. મીડીયા તરફથી કોંગ્રેસ ઉપર કોઈ ઝંઝાવાત આવે તો એને રોકવાનું કામ મણિશંકર અય્યરે કરવુ પડે છે. પોતે હયાત હતા ત્યારે પ્રમોદ મહાજન જે કામ ભાજપ માટે કરતા હતા એવું જ કામ મણિશંકર અય્યર આજકાલ કોંગ્રેસ માટે કરી રહયા છે.મિસ્ટર મોદીના તમામ વ્યાખયાનો રેકોર્ડ કરીને મણિશંકર એનું એનાલિસિસ કરે છે. આ અય્યર મોદીના ટીકાકાર તો છે, પણ બહુ સારા અભ્યાસી છે. નરેન્દ્ર મોદી શત્રુપક્ષમાં હોવાને કારણે એનો ગહન અભ્યાસ અય્યરે કરી રાખ્યો છે.હમણા આજતક ચેનલને અય્યરે એક મુલાકાત આપી. આ ચેનલ શરૂઆતથી જ મિસ્સ્ટર મોદીની વિરુદ્ધમાં ચાલે છે. ગોધરા ઘટનાક્રમ પછીના તોફાનોમાં મુસ્લિમોને ઉશ્કેરવાપાત્ર અહેવાલો તેણે પ્રસારિત કર્યા હતા જેને કારણે અમદાવાદના લોકોએ આજતક ચેનલનું પ્રસારણ અટકાવ્યું હતું આજતક ચેનલ બહુ જ ચતુરાઈપુર્વક મિસ્ટર મોદી વિરુદ્ધ પ્રચાર કરતી રહે છે. એની સમાચારોની રજુઆત તટસ્થતાના વાઘા પહેરેલી હોવા છતા પુર્ણ રીતે કોંગ્રેસની ભકિત કરનારી હોય છે. મિસ્ટર મોદીએ પહેલીવાર જયારે સદ્દભાવના સંમેલન યોજીને ત્રણ દિવસના ઉપવાસ કર્યા હતા ત્યારે એક સુફી સંતે મિસ્ટર મોદીને વિવેકપુર્વક ટોપી પહેરાવવાનો પ્રયત્ન કર્યો તે પ્રસંગને પકડીને મિસ્ટર મોદીના ઉપવાસ પર પાણી ફેરવવા માટે આજતક ચેનલે સખત ધમપછાડા કર્યા હતા તે જાણીતી વાત છે.

આજતકને મણિશંકર અય્યરે આપેલી મુલાકાતમાં અય્યરે કહયું કે આખો દેશ મિસ્ટર નરેન્દ્ર મોદીને ભાજપના ઉમેદવાર માને છે. પરંતુ હકીકતમાં તેઓ રાષ્ટ્રિય સ્વયમ સેવક સંઘનું એક પ્યાદુ છે સંઘે જ એમને પ્લાન્ટેડ પી.એમ. બનાવવા નો નિર્ણય કરેલો છે. સંઘ એક ચુસ્ત હિન્દુવાદી સંસ્થા છે. અને અનેક ધર્મના બનેલા આ દેશ ઉપર કોઈ એક જ ધર્મનો વાદ ધરાવનાર વ્યકિત નેતૃત્વ ન કરી શકે. અય્યરે કહયું કે મિસ્ટર મોદીને એ પણ ખબર નથી કે તક્ષશિલા પાકિસ્તાનમાં છે અને નાલંદા ભારતમાં છે. તેઓ પાસે ઈતિહાસનું પુરતુ જ્ઞાન નથી. અત્યારથી જ તેમના પ્રવચનોમાં માહિતી દોષ અને છબરડાઓ સાંભળવા મળે છે જે બતાવે છે. કે વડાપ્રધાનપદની યોગ્યાથી તેઓ કેટલા દુર છે. અય્યરે કટાક્ષમાં એમ પણ કહયું કે કોંગ્રેસ તો સદાય ઈચ્છે છે કે ચાની લારીવાળાઓ પણ રાજકારણમાં આવે અને દેશનું સુકાન સંભાળવામાં પ્રશાસનને મદદ કરે પરંતુ એ માટે તેઓએ પોતાની જાતનું સારી રીતે ઘડતર કરવાની જરૂર છે.

જો કે મિસ્ટર મોદીએ દેશ ભરની ચાની લારીઓ પર પોતાના પાટિયા ઝુલાવીને ચા પીતા પીતા ભાવિ વડાપ્રધાન વિશે ચર્ચા કરતા રહેવા લોકોને નુકતેચિની કરેલી છે. દુનિયાભરમાં પરિવર્તનનો પવન ફુંકાયેલો છે. નાગરિકો બહુ ઝડપથી જુના સતાધારીઓને ઉથલાવવા લાગ્યા છે. ભારતમાં કોંગ્રેસ એક પ્રકારે તો જુનો સતાધારી પક્ષ જ છે. વાસ્તવિકતા એ છે કે આખા દેશને એક મોદી જેવા જ નેતાની જરૂર છે જે વિકાસનો ઝંઝાવાત લઈને આવે પણ દરિદ્ર ભારતની માનસિકતા એવી છે કે એવો નેતા એ કોંગ્રેસમાંથી ઝંખે છે, મોદી ઉપર ભગવા રંગનો જે પડછાયો પડે છે એ એને સર્વસ્વીકૃત થતા થતા અટકાવે છે. પણ એને એકટિવેટ કે એકિઝકયુટ કરવા માટેનો જે વિલ પાવર અથવા પોલિટિકલ વિલ (રાજપ્રાબલ્ય) જોઈએ તે રાહુલમાં નથી, અને એ જ વસ્તુ મિસ્ટર મોદીમાં અઢળક છે. કોંગ્રેસની પક્કડમાંથી દેશને છોડાવવાનું કામ એટલે આસાન નથી કે કોંગ્રેસે પોતાની તમામ કાર્યપ્રણાલિકાઓમાં સમાજના નાના માણસનો બહુ જ વિચાર કર્યો છે. કોંગ્રેસના કોઈ પણ શાસનમાં લેવાયેલા નિર્ણયોનો સિતેર ટકા જેટલો લાભ તો આ દેશના વિરાટ સામાન્ય સમુહને થયેલો છે. કોંગ્રેસની એ જ બુનિયાદ અને મુળભુત વિચારધારા છે. એટલે એની સામે મિસ્ટર મોદીએ પોતાને સી.એમ. એટલે કોમનમેન કહેવાથી શરૂ કરીને જનમન રંજનના અનેક નાટકો કર્યા. તમે જયારે દોડતા હો કોઈ રેસમાં ત્યારે તમને ઠેસ આવે ને તમે પડો એની રાહ જોનારો પણ એક વર્ગ દર્શકોમાં હોય છે, તમે સફળ થાઓ એની પ્રતીક્ષા એક ટકો વર્ગ કરે છે. એટલે એ રીતે મિસ્ટર મોદી નિષ્ફળ જાય એની રાહ જોનારાઓ આ દેશમાં પણ છે. પરંતુ એમણે જે રીતે અત્યારે દિલ્હી તરફ દોટ મુકી છે. તે જલદી ધીમી પડે એમ નથી. અસ્ત..

ચિતલના જશવંતગઢ ગામે બ્યુટી પાર્લરના વર્ગનો પ્રારંભ

ચીતલ, ચીતલના જસવંતગઢમાં શકિત યિ યુવક મંડળ દ્વારા બ્યુટી પાર્લરના વર્ગનુંઉદઘાટન કરવામાંઆવ્યુંછે.ચીતલના જસવંતગઢમાંબ્યુટી પાર્લરના વર્ગનુંઆયોજન થતા અમરેલી જિલ્લા ભાજપ મંત્રી રંજનબેન ડાભીના હસ્તે વર્ગનું ઉદઘાટન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય ખાદી ગ્રામોઘોગ બોર્ડના અમરેલીના જિલ્લાના સુપરવાઈઝર હરગોવિંદભાઈ સોલંકી ઉપસ્થિત રહયા હતા. શેડુભાર પીએચસીના મેડીકલ ઓફિસર શ્રીમતી હેતલબેન, રંજનબેન ડાભી, હેતલબેન લીબાસીયા, પ્રીયંકાબેન પણ માર્ગદર્શન આપ્યું હતુ.આ પ્રસંગે મહિલા મંડળના બહેનો તેમજ તાલીમાર્થી બહેનોએ હાજરી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શકિત વિજય યુવક મંડળના પ્રમુખ પ્રવિણભાઈ ડાભી તેમજ મંડળના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

બગસરા તાલુકા વિકાસ અધિકારીનો વિદાય સમારંભ યોજાયો

કર્મચારીઓ, પદાઅધિકારીઓ, સદસ્યોએ શ્રીફળ પડો શાલ ઓઢાડી વિદાયમાન આપ્યું

બગસરા,

બગસરા તાલુકા પંચાયત નાં તાલુકા વિકાસ અધિકારીશ્રી વસાવાની તેમનાં વતનમાં બદલી થતા તા.૧/૩ નાં તાલુકા પંચાયત બગસરામાં ભવ્ય વિદાયમાન કાર્યક્રમ યોજાયેલ.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય મનોજભાઈ મહીડા, બગેસરા તા.પં.નાં ઉપપ્રમુખ રાજુભાઈ રાબડીયા(કાઠીયાવાડી)ઓડભાઈ વાળા, દેવરાજભાઈ રાખોલીયા, દીલીપભાઈ ગોધાણી, રામભાઈ વાળા, જીવરાજભાઈ ગઢીયા, બગસરા તાલુકાનાં સરપંચએ કર્મચારી ગામ દ્વારાશ્રી વસાવાને શ્રીફળ પડો શાલ ઓઢાડી ભવ્ય વિદાયમાન અપાયેલ.

હવે કીડની ટ્રાન્સપ્લાન્ટેશન એ.બી.ઓ મિસ-મેચ દાતાથી શકય

સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદમાં મિસ-મેચ કીડની ટ્રાન્સપ્લાન્ટને સફળતા

અમદાવાદ,સ્ટર્લિંગ હોસ્પિટલ દ્વારા સફળતાપુર્વક એક અસામાન્ય કહી શકાય તેવી સર્જરી કરવામાં આવી છે જૈમાં બી+ધરાવતા દાતા(માતા)ની કીડની તેનાં ઓ+ધરાવતા દર્દી(પુત્ર)ને સફળતા પૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવી હતી આ કેસની સફળતા જણાવે છે કે લોહીનું ગ્રુપ મેચ થતું ન હોય તેવી સ્થિતી હવે ટ્રાન્સપ્લાન્ટમાં અવરોધક બની શકશે નહી નવી એ.બી.ઓ નિકોમ્પીટીબલ ટ્રાન્સપ્લાન્ટેશન ટેકનિક દ્વારા સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ ર્ડા પ્રકાશ દરજી અને ર્ડા સોનલ દલાલની નેફ્રોલોજી ટીમે આવું જવલ્લ જ થતી સર્જરી મિસ-મેચ ડોનરની કીડનીનાં ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન સફળતાપુર્વક કરવાનું બહુમાન પ્રાપ્ત કર્યું છે.જેમને તાજેતર અમેરિકા જહોન્સ હોપકીન્સ યુનિવર્સિટી હોસ્પિટલમાં ઈનકોમ્પીટીબલ કીડની ટ્રાન્સપ્લાન્ટની ઓબ્ઝર્વરશીપ મળી છે તે ર્ડા પ્રકાશ દરજી જણાવે છે કે આપણે જે બ્લડ ગ્રુપ સાથે ઈનકોમ્પીટીબલ હોઈએ તે માટે એન્ટીબોડી ધરાવતા જોઈએ છીએ આવા નિકોમ્પીટીબલ ડોનરની કીડની ખૂબ ઝડપથી અસ્વીકૃત બને છે જેનું પ્રામણ ૩૦ ટકા જેટલું હોય છે પણ જહોન્સ હોપકીન્સ દ્વારા અપનાવાયેલો પ્રોટોકોલ અપનાવાતાં તે કીડની કોમ્પીટીબલ કીડની તરીકે સ્વીકૃત બને છે.આ જટીલ પ્રકારની સર્જરી અંગે વાત કરતા ર્ડા સોનલ દલાલ જણાવે છે કે જે દર્દીનાં પરિવાર અથવા અન્ય સ્ત્રોતમાંથી કોમ્પિટીબલ ડોનર મળવામાં નિષ્ફળતા મળે એવા દર્દીને એ.બી.ઓ કોમ્પિટીબલ ટ્રાન્સપ્લાન્ટેશન કરવાનો વિકલ્પ રહે છે અને આ પ્રકારની શસ્ત્રક્રિયાથી અંગદાનની જરૂરિયાત હોય તેવા દર્દી માટે આશાની સ્થિતી સર્જાતી હોય છે એ.બી.ઓ ટ્રાન્સપ્લાન્ટેશનમાં પ્રિન્ટ્રાન્સપ્લાન્ટનો તબકકો ખૂબ જ કપરો હોય છે કારણ કે તેમાં મેડિકલ ટીમ અને દર્દીનાં પરિવારનો ૧૦૦ ટકા સહયોગ જરૂરી બને છે.શ્રી રવિ વોરા સીનીયર વી.પી માર્કેટીંગ ફિલપકાર્ટ જણાવે છે કે ફિલપકાર્ડની એકંદર આવકમાં મોબાઈલ ચેનલનું યોગદાન સ્થિરપણે વધતું જાય છે અમને ૨૦ ટકાથી વધુ ઓર્ડર મોબાઈલ મારફતે મળે છે ઈકોમર્સ અપનાવનાર નવા ગ્રાહકો માટે અમે ઓનલાઈન શોપીંગને આસાન અને આનંદદાયક બનાવવા પ્રયાસ કરી રહયા છીએ.ઈકોમર્સ માર્કેટપ્લેસ લીડરે તાજેતરમાં શોપીંગનાં અનુભવને વધુ આસાન ઝડપી અને સલામત બનાવવા તેની એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ એપ્સ શરૂ કરી છે આ એપ્પ મારફતે વાપરનાર વોઈસ સર્ચનો અને બારકોડ સ્કેનીંગનો ઉપયોગ કરીને તુરત જ કિંમત ચેક કરી શકે છે આ ઉપરાંત એપ્પ પરથી જ મિત્રો સાથે કોલ એસએમએસ ઈમેઈલ અને સોશિયલ મિડીયા દ્વારા પ્રોડકટની માહિતી શેર કરી શકે છે.

જેતપુર માર્કેટયાર્ડમાં સિવિલવર્કનો કોન્ટ્રાકટ મળતીયાને અપાયાનો આક્ષેપ

જેતપુર,જેતપુર માર્કેટ યાર્ડનાં ચેરમેન ભુવાએ રીતસરની જોહૂકમી ચાલું કરી, યાર્ડનાં સિવિલ વર્કનો કોન્ટ્રાકટ તેઓનાં મળતિયાઓને આપી દિધાનાં આક્ષેપ સાથે જેતપુરનાં એક અરજદારે આજે તા.૧ લી માર્ચનાં રોજ યોજાનાર ટેન્ડર પ્રક્રિયા રદ કરવાની માંગ દોહરાવી જરૂર પડયે કાનૂની લડતની ચિમકી આપી છે.આ બાબતે મળતી વિગતો મુજબ જેતપુર યાર્ડનાં ચેરમેન દિનેશ ભુવાએ આગામી દિવસોમાં હાથ ધરાનાર નવું શોપીંગ સેન્ટર અને શાકભાજી યાર્ડ વિગેરે સિવિલ વર્કની ટેન્ડરની જાહેરખબર લિડિંગ અખબારોમાં આપવાને બદલે નાના અખબારમાં પ્રસિધ્ધ કરાવી, પોતાનાજ લાગતાવળગતાઓને કોન્ટ્રાકટ મળે તેવા ઈરાદા પાર પાડવાની પ્રવૃતિ કરાતાં મુકુલભાઈ નામનાં જેતપુરનાં નાગરીકે આ સિવિલ વર્કનાં ટેન્ડરમાં વ્યાપક ગેરરીતિ આચરાવાની શંકા સાથે આ ટેન્ડર પ્રક્રિયા તાકિદે રદ કરવાની માંગ સાથે રાજયનાં મુખ્યમંત્રી અને રાજકોટ ડિસ્ટ્રકટ રજીસ્ટ્રારને લેખિત રજૂઆતો કરી છે.રજૂઆતમાં જણાવાયું છે કે જો ટેન્ડર પ્રક્રિયા રદ નહિં કરાય તો વિશાળ ખેડૂતોનાં હિતમાં રજૂઆત કરનાર અરજદાર કિશાનોને સાથે કાનૂની રાહ અપનાવવામાં પણ પીછેહઠ નહિં કરે અરજદારે એવા પણ આક્ષેપો કરેલા કે વેપારીઓમાં કાયમી અસંતોષ પેદા કરનાર યાર્ડનાં ચેરમેન ભુવાની કર્મચારીઓ પર એટલી ધાક છે કે કોઈ યાર્ડ બાબતે લેખિતમાં રજૂઆતો કરવા જાય તો કર્મચારીઓ આવી રજૂઆતો કરતાં થરથર ધ્રૂજે છે તેવો પણ રજૂઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

અમરેલીમાં રંગારંગ વાર્ષિકોત્સવ ઉજવાયો

ઈનર વિઝન એજયુકેશન ટ્રસ્ટ સુરત સંચાલીત ઓમકાર વિદ્યાલય ખાતે આયોજન

અમરેલી,અમરેલીમાં ઓમકાર વિદ્યાલય ખાતે રંગારંગ વાર્ષિકોત્સવ ઉજવાયો હતો

ઈતર વિઝન એજયુકેશન ટ્રસ્ટ સુરત સંચાલીત ઓમકાર વિદ્યાલય અમરેલી મુકામે સુરતના સુપ્રસિધ્ધ એમ.એસ.તબીબશ્રી ડો. વસ્તરપરાના અધ્યક્ષ સ્થાને તથા ટ્રસ્ટશ્રી પરેશભાઈ કાનાણીના ઉદઘાટન પદે તથા અમરેલીના ધારાસભ્યશ્રી પરેશભાઈ ધાનાણી અને જિ.પં. અમરેલીના પ્રમુખશ્રી શરદભાઈ લાખાણીના મુખ્યમહેમાન પદે વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની રજુઆત સાથે વૈવિધયસભર વાર્ષિકોત્સવ ૨૦૧૪ નું આયોજન કરવામાં આવેલ હતું.ઓમકાર વિદ્યાલય દ્વારા આયોજિત વાર્ષિકોત્સવ ૨૦૧૪ ના પ્રારંભે ઉપસ્થિત સૌનું શબ્દોથી સ્વાગત સંસ્થાના યુવા સંચાલક જગદીશભાઈ ઢોલરીયા તથા કાર્યકમનું દિપપ્રાગટય ટ્રસ્ટીઓને પ્રમુખ શ્રી પરેશભાઈ કાનાણી, લેઉવા પટેલ સમાજના ઉપપ્રમુખ અને અગ્રણી ઓઈલ મીલર કાન્તિભાઈ વઘાસિયા, ટ્રસ્ટી શ્રી ઘનશ્યામભાઈ ઢોલરીયા તથા સુરતના અગ્રણી ટેકસટાઈલ્સ તથા ડાયમંડ ઉદ્યોગપતિશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ઉપસ્થિત અધ્યક્ષ ડો. વસ્તપરા તથા ધારાસભ્યશ્રી પરેશભાઈ ધાનાણીએ પ્રાસંગિક પ્રવચન કરી વિદ્યાર્થીઓને તથા ઈતરપ્રવૃતિઓમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થી ભાઈઓને ઉપસ્થિત મહેમાનોના હસ્તે સિલ્વર મેડલ એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.વાર્ષિકોત્સવ ૨૦૧૪ ના વિધિવત રંગારંગ કાર્યકમમાં ૪૦૦ વિદ્યાર્થીઓ તથા સહપરિવાર, વાલીશ્રીઓ ઉપસ્થિત રહી પિરામીડ જેવી કુલ ૨૦ સાંસ્કૃતિક કૃતિઓ માણી હહતી આ કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલૂન અમરેલીના તેજાબી યુવા એનાઉન્સર પ્રા. હરેશ બાવીશીએ કર્યુ હતું. તથા વાર્ષિકોત્સવ ૨૦૧૪ ના કાર્તકમને સફળ બનાવવા સંચાૂક ટ્રસ્ટી જગદીશભાઈ ઢોલરીયા તથા ઘનશ્યામભાઈ ઢોલરીયાના સીધા માર્ગદર્શન હેઠળ યુવા શિક્ષકશ્રી વિપુલભાઈ બાલધા અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

અમરેલી મોંઘીબા મહિલા કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

અમરેલી.અમરેલીમાં માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. તા. ૨૫-૨-૨૦૧૪ મંગળવારના રોજ માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનાં ૨૩ માં વાર્ષિકોત્સવનું ખુબ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું કાર્યક્રમની શરૂઆતમાં સત્યં શિવં સુંદરમ્ પ્રાર્થના શાસ્ત્રીનૃત્ય અભિનય સાથે રજુ કરાઈ, પ્રાર્થના બાદ દિપપ્રાગટય, ત્યારબાદ કોલેજના આચાર્ય શ્રી સેનમેડેમે સ્વાગત પ્રવચન દ્વારા અતિથીઓ, વાલીઓનું ભાવભીનું સ્વાગત કર્યુ. વાર્ષિકોત્સવ, વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન તથા ટીવાયબીએની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારંભ આમ ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું કાર્યક્રમનું સંચાલન કોલેજનાં વાઈસ પ્રિન્સીપાલશ્રી ચુડાસમા તથા વિદ્યાર્થીની કુ. માંડલીયા સંગીતાએ સુંયુકત રીતે કર્યુ હતું વિશેષ ઉપસ્થિતરૂપે બિરાજમાન શ્રી દિનેશભાઈ ગાંધી, મિસીસ ગાંધી, શ્રી દુર્ગાબેન મહેતા ડો. ભારતી મોદી અને ડો. રમાબેન દેસાઈ ના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

રાયડી નદી કાંઠે સંતવાણી કાર્યક્રમનું આયોજન

ખાંભા,

ખાંભાનાં રાયડી ગામે ઉદાસી આશ્રમનાં લાભાર્થી તા.૬/૩ ગુરૂવારનાં રાત્રીનાં ૯.૦૦ કલાકે સંતવાણી કાર્યક્રમનું આયોજન રાખેલ છે

જેમાં સંતો, મહંતો વિવિધ સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહેશે સંતવાણીનાં કલાકારોમાં ભજનીક જીકારભાઈ મીર, છાયાબેન મકવાણા, બાળ કલાકાર પમીત મીર, કમલેશભાઈ પ્રજાપતી લોકસાહીત્યકાર સાંજીદાઓ સાથે રમઝટ બોલાવશે રાયડી નદી કાંઠે ઉદાસી આશ્રમમાં સંતવાણીમાં ભક્તજનોને પધારવા પૂ.સંત સેવાદાસબાપુની યાદીમાં જણાવેલ છે.

જાફરાબાદમાં વિજ્ઞાન દિનની ઉજવણી

જાફરાબાદ,

શ્રી જા.કે. ઉ.મંડળ સંચાલીત શ્રી પારેખ મહેતા હાઈસ્કુલમાં મુંબઈથી પધારેલા ટ્રસ્ટીના પ્રમુખશ્રી કિરીટભા મહેતા અને ખજાનચી શ્રી અતુલભાઈ ગોરડીયાની ઉપસ્થિતીમાં તા. ૨૮ ની ફેબ્રુ.વિજ્ઞાન દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવેલ. પ્રાર્થના સભામાં ટ્રસ્ટીશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ ધો. ૯ ની વિદ્યાર્થીની ગૌસ્વામી અલકાબેન તથા વડિયા સમર્થ દ્વારા વિજ્ઞાનનાં લાભા લાભ રસપ્રદ રીતે રજુ કરેલ. શાળાનાં વિજ્ઞાન શિક્ષક શ્રી જે.પી. મહેતા, આગામી ભવિષ્યમાં વિજ્ઞાન વિકાસની ઝાંખી કરાવતું વકતવ્ય અસરકારક રીતે રજુ કરેલ. ટ્રસ્ટના પ્રમુખશ્રી કિરીટભાઈ મહેતાએ પ્રસંગોચિત વકતવ્ય આપેલ. શ્રી ઋણકાર દ્વારા વિજ્ઞાનચિત્ર પ્રદર્શન રજુ કરેલ અને શ્રીમતી નીતાબેન પટેલ દ્વારા વિજ્ઞાનના પ્રયોગો રજુ કરવામાં આવેલ કેમ્પસમાંથી શ્રી કે.પી. મહેતા હાઈસ્કુલના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહેલ તદઉપરાંત વિકાસવર્તુળ ટ્રસ્ટ ભાવનગર યોજીત બુદ્ધિચાતુર્ય કસોટીમાં વિવિધ વિભાગમાં પ્રથમ ત્રણ વિજેતાઓને ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ.વિજ્ઞાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવા બદલ કેમ્પસ ડાયરેકટરશ્રી ગૌતમભાઈ જોષી, નિયામકશ્રી રામાનંદ , પાઠક, તથા આચાર્યશ્રી પુંજડીયા અને સુપરવાઈઝરશ્રી વિજયભાઈ પંડયા તેમજ નારણભાઈ ઢગલની યાદી જણાવે છે.

વાંકિયા શાળામાં રાષ્ટ્રિય વિજ્ઞાન દિનની ઉજવણી

વાંકિયા, વાંકિયા પ્રાથમિકશાળામાં રાષ્ટ્રિય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવી અમરેલી તાલુકાના દેવરાજીયા સી.આર.સી. કેન્દ્રની વાંકિયા પ્રાથમિક શાળામાંર્ તા. ૨૮ ફેબુ.આરી શુકવારના રાષ્ટ્રિય વિજ્ઞાનદિન ઉજવવામાં આવેલ. આ શાળામાં કાર્યરત ડો. હોમી ભાભા ગણિત વિજ્ઞાન મંડળ અંતર્ગત ધો. ૬ થીટ૮ ના બારૂકો દ્વારા તૈયાર થયેલ હસ્તલિખિત અંકનું વિમોચન કરેલ. આ પ્રસંગે બાબાપુર પે.સે. આચાર્ય અને પેટર શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા,

કંપની સમાચાર

ફિલપકાર્ટનાં મોબાઈલ સેલ્સમાં પ્રથમ દસ રાજયોમાં સમાવેશ પામતું ગુજરાત

ઓનલાઈલ શોપિંગમાં મોબાઈલ કોમર્સનો વ્યાપ વધતો જાય છે ભારતમાં સૌથી મોટા ઈ-કોમર્સ મોર્કટપ્લેસ ફિલપકાર્ડ.કોમ ઉપર મોબાઈલ ચેનલ મારફતે થતાં વેચાણોમાં ટોચનાં દસ રાજયોમાં ગુજરાત અને અમદાવાદ ટોચનાં પ્રથમ ૧૫ શહેરોમાં સમાવેશ ધરાવે છે ફિલપકાર્ટનાં ૨૫ ટકાથી વધુ મુલકાતીઓ મોબાઈલ મારફતે મુલાકાત લે છે.

સૌરાષ્ટ્રના બજાર ભાવ

અમરેલી માર્કેટ યાર્ડ
શીંગમઠડી ૬૩૦ -
શીંગમોટી ૬૦૭-૬૮૫
તલસફેદ ૨૧૫૫-૩૦૨૯
તલ કાળા - -
બાજરો ૩૧૭ -
મેથી - -
ટુકડાઘઉ ૨૨૨-૩૯૧
લોકવન ઘઉ ૨૭૨-૩૭૦
ધાણા ૧૦૧૦-૧૩૯૦
જીરૂ ૧૨૦૦-૨૧૩૮
ચણા ૪૯૦-૫૫૨
તુવેર ૫૫૫-૮૩૩
અજમા ૧૯૦૯ -
કપાસ ૮૨૩-૧૦૯૧
એરંડા ૭૪૯-૭૭૧
તલ કાશ્મીરા ૨૭૦૧-૨૮૯૫
ગુવારબી ૫૦૧-૮૩૫

અમરેલી શાકભાજી
-બટેટા ૧૮૦-૨૩૦
રીંગણા ૧૫૦-૨૦૦
ફલાવર ૧૨૦-૧૬૦
કોબી ૬૦-૮૦
સકરીયા ૧૫૦-૧૮૦
ટમેટા ૭૫-૧૪૦
સુરણ ૫૫૦-૬૫૦
લીલીડુંગળી ૮૦-૧૦૦
ગાજર ૧૪૦-૧૮૦
દુધી ૧૨૦-૧૬૦
કારેલા ૪૬૦-૫૪૦
ગવાર ૩૨૦-૩૬૦
મુળા ૧૩૦-૨૩૦
કાકડી ૩૦૦-૪૦૦
કંદ ૫૦૦-૬૦૦
ગુવાર ૮૮૦-૧૦૦૦
વાલોળ ૩૪૦-૪૦૦
સરગવો ૨૫૦-૩૫૦
ચોળાલીલા ૪૪૦-૪૮૦
તુરીયા ૫૦૦-૬૭૦
ભીંડો ૪૫૦-૫૫૦
ફુદીનો ૧૮૦-૨૪૦
આદુ ૧૬૦૦-૧૮૦૦
કોથમીર ૨૮૦-૩૫૦
મેથીભાજી ૬૦-૮૦
ટીંડોરા ૫૫૦-૬૫૦
બીટ ૨૮૦-૩૨૦
લીંબુ ૭૦૦-૯૦૦
મરચાલીલા ૪૦૦-૫૦૦
સુકીડુંગળી ૬૦-૧૪૦
લસણ ૫૫૦-૫૮૦

સાવરકુંડલા માર્કેટયાર્ડ
શીંગ મઠડી - -
શીંગ મોટી ૬૦૦-૬૭૦
તલ સફેદ ૨૨૪૫-૩૦૪૦
જીરૂ ૧૫૧૦-૩૩૭૪
કપાસ ૯૦૨-૧૦૬૪
લોકવન ૩૦૦-૩૬૦
ટુકડા ૩૦૦-૩૭૦
તુવેર ૭૫૦-૮૫૦
મગ ૧૦૦૦-૧૧૨૦
રાય - -
શીંગઉનાળુ - -
ચણા ૫૨૦-૫૪૫
એરંડી ૬૨૫-૬૭૦
ગુવારબી ૬૦૦-૮૨૫

ગોંડલ માર્કેટયાર્ડ
લોકવ ૨૯૦-૩૭૬
ટુકડા ૨૯૧-૩૭૧
કપાસ ૯૦૦-૧૦૫૧

મકાઈ ૨૩૧-૩૩૧
મગ ૧૨૦૦-૧૪૭૧
ચણા ૫૦૦-૫૧૬
રાય - -
વાલ ૪૭૧-૯૪૧
અડદ ૪૪૧-૮૬૧
મરચા પટ્ટો ૫૦૧-૩૦૦૧
તલકાળા ૧૬૦૦-૩૪૪૧
તલ લાલ ૧૫૦૦-૨૬૧૧
સોયાબીન ૭૪૧-૮૧૧
મેથી ૪૩૧-૫૪૧
તુવેર ૬૦૧-૮૪૧
મગફળી જીણી ૫૯૦૦-૬૮૧
મગફળી જાડી ૫૮૦-૭૦૧
શીંગદાણા ૭૪૦-૮૯૧
શીંગફાડા ૫૫૬-૮૩૬
એરંડા ૬૭૬-૭૭૯૧
જીરૂ ૧૫૦૦-૨૦૭૧
ધાણા ૧૨૫૧-૨૬૫૧
લસણ ૬૬-૪૬૧
ડુંગળીલાલ ૪૦-૧૪૧
ગુવારબી ૫૦૦-૯૬૧
ડુંગળી સફેદ ૪૦-૧૦૯

જેતપુર માર્કેટયાર્ડ
મગફળીજીણી ૫૮૯-૬૧૬
મગફળીજાડી ૫૯૮-૬૫૫
લોકવ ૨૪૪-૩૩૧
ટુકડા ૨૯૦-૩૮૦
લસણ ૩૫-૨૪૬
કપાસ ૯૭૧-૧૦૫૦
મકાઈ - -
એરંડા ૭૧૧-૭૮૧
મગ - -
અડદ - -
વાલ ૫૦૧-૮૨૧
તલ ૨૬૬૦-૩૨૦૧
તુવેર ૬૫૦-૭૮૧
મરચા - -
ધાણા ૧૧૫૦-૧૬૨૧
ગુવાર બી ૬૫૦-૮૨૧
જીરૂ ૧૬૩૧-૨૨૨૧
ડુંગળી ૪૧-૧૨૧
શીંગદાણા - - -
શીંગફાડીયા ૭૧૧-૭૫૧
મેથી ૪૨૧-૫૪૧

રાજુલા માર્કેટયાર્ડ
કપાસ ૮૧૫-૧૦૪૫

બાજરો ૨૧૩-૩૮૨૩
જુવાર ૩૦૦-૫૮૧
ઘઉ ૩૦૨-૩૫૪
મકાઈ ૨૫૦-૨૫૦
મગ ૧૨૫૦-૧૩૧૩
મઠ ૭૭૫-૮૨૪
એરંડી - -
તુવેર ૬૦૧-૭૨૬
ગમગુવાર ૭૬૮-૮૨૯
મેથી - -
વાલ - -
સફેદ તલ ૨૩૮૦-૩૦૦૦
શીંગ ૫૬૦-૬૪૫
તલ કાળા - -
રાય ૭૪૨-૭૪૨

બગસરા માર્કેટયાર્ડ
કપાસ ૮૪૦-૧૦૪૦
ચણા ૪૦૨-૫૦૨
રજકાબી - -
મકાઈ - -
ધાણા ૧૧૦૦-૧૧૯૯
ઘઉ લોકવન ૨૦૦-૨૮૨
એરંડી ૭૦૦-૭૩૬
તુવેર - -
મગ - -
મઠ - -
ગમગુવા - -

બાબરા માર્કેટયાર્ડ
કપાસ ૯૬૦- ૧૦૮૦
અડદ ૬૦૦-૭૦૦
ચણા - -
વાલ - -
જીરૂ ૨૬૦૦-૧૯૦૦
શીંગ ૬૦૦-૭૦૦

કોડીનાર ના બનાવ અંગે એસ પી ને રજુઆત

કોડિનાર, કોડીનાર માં તાજેતરમાં દીનુભાઈ સોલંકી ને જામીન મળતા ભાજપ સર્મથકો બે જણા ઉપર હમિલો કરેલ તેમાં અનેક ના નામણો આપવા છતા કોઈ પગલા ન લેવાતા તાલાલા ના ધારાસભ્ય જશુભાઈ બારડ, ઉનાના પુજાભાઈ વંશ કોડીનાર ના પુર્વ ધારાસભ્ય ધીરસિંહબારડે સહીત નું પ્રતીનીધી મંડળ એસ પી ને મળેલ હતું અને રજુઆત કરેલ હતી કે ગંભીર ગુનાના આરોપી ઓ સામે કંઈ પગલા લેવાતા નથી સામાવાળા ની ફરીયાદ નોંધી આરોપીઓ ને ઝડપી લેવામાં આવે છે. તાજેતરમાં ત્રણ જણા ઉપર હુમલો કરેલ તેના તમામ આરોપઓ ખુલ્લેઆમ ફરે છે. કોડીનાર માં કાયદો વ્યવસ્થા કથડી ગયેલ છે.

અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન	૩૧.૦
ન્યુનતમ તાપમાન	૧૫.૭
હવામાં ભેજનું પ્રમાણ	૩૯.%
પવનની ગતિ સરેરાશ	૬.૬

આપની આજ



તા. ૫-૩-૨૦૧૪ બુધવાર

- વ્યકિતત્વનો વિકાસ થાય
- દિવસ શાંતિ થી વિતાવવો
- આવકમાં વૃધ્ધિ થાય
- કાર્ય ષેત્રે દોડધામ રહે .
- ધ્યાન -યોગ -નામસ્મરણથી લાભ .
- ગુપ્તચિંતાઓ રહયા કરે
- દાપત્યજીવનમાં મધ્યમ
- રબિયતની કાળજી લેવી.
- પ્રણયમાર્ગ સંભાળીને ચાલકે.
- જમીનમકાન સુખ મધ્યમ
- વાહન થી સંભાળવું`.
- આથિકચ સંકડામણ અનુભવાય.

તા. ૫-૩-૨૦૧૪ બુધવાર વિક્રમ સંવંત ૨૦૭૦ ફાગણ સુદ પાંચમ અશ્વિની નક્ષત્ર ,બ્રહમ યોગ વય કરણ આજે જન્મેલા બાળક થી રાશિ મેષ (અ,લ,ઇ) રહેશે.



જાતક જીવનમાં કેટલુ ધન પ્રાપ્ત કરશે તેના માટે લક્ષ્મી જીની કૃાપા જરૂરીછે આ માટે કુંડળીમાં કેટલાક યોગ જોવામાં આવે છે. લગ્નેશ બળવાન બની બીજાકે નવમા સ્થાનમાં હોય તો ભાગ્યવૃધ્ધિ તથા ધનપ્રાપ્તિ થાય છે, ધનેશ તથા લાભેશ વચ્ચે પરિવર્તન યોગ હોય તો પણ સારો ધન યોગ બને છે ધતેશલાભમાં કે ભાગ્ય માં હોય તથા શુભ ગ્રહોથી દષ્ટ હોય તો વ્યકિત આપબળે પૈસો કમાય આગળ વધે છે ધનેશનો સંબંધ ત્રિકોણ સ્થાન સાથે થયો હોય તથા કુંડલી માં ગજકેસરી યોગ બનેલો હોય તો જાતક ધનવાન બને છે.

રાજુલામાં ઓમ લકુલીશ વિદ્યા સંકુલનો વાર્ષિકોત્સવ યોજાયો

રાજુલાના ઓમ લકુલીશ વિદ્યા સંકુલ દ્વારા ચતુર્થ વાર્ષિકોત્સવ નિમિતે બાલ કલરવ કાર્યક્રમ યોજાયો હતો તે પ્રસંગે વિવિધ ક્ષેત્રના આગેવાનો વાલીઓ અને ટ્રસ્ટીઓ તથા શાળા સ્ટાફ અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી રહેલા બાળકો નજરે પડે છે.

ધુડીયા આગરિયા નજીક કાર પલટી

રાજુલાનાં ધુ.આગરિયા નજીક અલ્ટો કાર પલ્ટીમારી જતા કોઇ જાનહાની થયેલ નથી

ગુજરાત રાજયનાં મોચી પરિવારોને પુનઃ અનુ.જાતિમાં સમાવવા માગણી કરાઇ

અમરેલીના ધારાસભ્ય શ્રી ધાનાણી દ્વારા રજુઆત

અમરેલી

રાજયના મોચી પરિવારોનો પુનઃ અનુસુચિત જાતિમાં સમાવેશ કરવાની માગની સાથે અમરેલીના ધારાસભ્ય પરેશભાઇ ધાનાણી એ રાજય સરકારને રજુઆત કરી છે.અમરેલીના ધારાસભ્ય દારા આ અંગે કરવામાં આવેલી રજુઆત માં જાગાવવામાં આવ્યુ છે કે.

ગુજરાત રાજયમાં ડાંગ -આહવ અને ઉમરગામના મોચી સમાજને બાદ કરતા રાજયના તમામ મોચી પરિવારોને તા.૧૮/૧૨/૨૦૧૪ થી અનુચૂચિત જાતીમાંથી રદ કરવામાં આવેલ છે. જેનાથી મોચી સમાજને ખુબજ અન્યાય થયો છે. મેને ટ્રસ્ટી સૈરાષ્ટ્ર હિંદુ મોચી સમાજ -સુરત દવારા તા. ૧૪/૨/૨૦૧૪ ના અપાયેલ આવેદનપત્ર વિગતે આજે રાજયના મોચી સમાજના ૭૩ % પરિવારો પાસે રહેવા પાકા મકાનપણ નથી તેમજ અનુસુચિત જાતી માંથી રદ કર્યા બાદ મોચી સમાજના બાળકો ખાસ કકરીને શીક્ષણક્ષેત્રે, રોજગારી ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, આરોગ્ય અને સલામતી તેમજ આર્થિક ક્ષેત્રે દયનીય પીડાઓ ભોગવી રહ્યા છે. અભ્યાસમાં ડોનેશન પ્રથા હોવાથી આ જ્ઞાતિનાં બાળકો ટકાવારી હોવા છતાં અનુસુચીત જાતીમાં સમાવેશ ન હોવાથી બક્ષીપંચની ૧૪૫ જ્ઞાતિનાં સમૂહમાં જઇ શકતા નથી. આજના સમયે હજારો પરિવારો મોચી કામ સાથે સંકળાયેલ છે અને ઉજળીયાત વર્ગ તેમનાં વિસ્તારમાં મકાન પ્લોટ કે રહેણાંક માટે મોચી જ્ઞાતિને અછુત ગણીને પ્રવેશબંધી કરવામાં આવે છે.

હથિયાર પરવાનેદારોને તા.૧૫મી સુધીમાં વિગતો આપવા તાકીદ

અમરેલી, [illegible]

જેસરનાં ઝડકલા ગામે રામજીમંદિરે મૂર્તિપ્રતિષ્ઠા તેમજ રામકથા નિમિતે ભવ્ય લોકડાયરો યોજાયો

જેસરનાં જડકલા ગામે રામજીમંદિરે મૂર્તિપ્રતિષ્ઠા તેમજ રામકથા નિમિતે ભવ્ય લોકડાયરો યોજાયો જેમાં કલાકાર ભોળાભાઇ આહિર, જયેશ ગઢવી, આશાબેન કારેલીયા, બાળ કલાકાર નિરવ રાઠોડ તથા આગેવાનો નીરૂભાઇ સરવૈયા, નેતા કનુભાઇ ધાખડા, બાંધકામ સમિતિના ચેરમેન દીલીપભાઇ જોષી, ગંગાદાસ પટેલ, દામજીભાઇ કાચેલા, નાનજીભાઇ પટેલ,દડુભાઇ જાડેજા , ચંદુભાઇ જાડેજા સહિત ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર- જયદેવ વરૂ-રાજુલા)

રાજુલામાં ગર્લ્સ હોસ્ટેલનું ખાતમુહૂર્ત કરાયું

રાજુલામાં ગર્લ્સ હોસ્ટેલનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્યશ્રી હીરાભાઇ સોલંકી સહિત ઉપસ્થિત રહ્યા હતા તે તસવીરમાં નજરે પડે છે.(તસવીર- જયદેવ વરૂ)

બાબરામાં ઉત્કર્ષ મહિલા સંઘ દ્વારા ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

તાલીમવર્ગમાં ભાગ લેનાર બહેનોને સન્માનિત કરાયા

બાબરા,

બાબરામાં ઉત્કર્ષ મહિલા સંઘનાં ઉપક્રમે બ્યુટીપાર્લર અને મહેંદી તાલીમવર્ગ પૂર્ણ થવાનાં ભાગ રૂપે શ્રેષ્ઠ દેખાવ કરનારી મહિલાઓને ઇનામો આપીને સન્માનિત કરવામાં આવી હતી.તા-૨૫/૦૨/૨૦૧૪ નાં રોજ મંજુલાબેન શાહ અને મધુબેન સાંગાણી આયોજિત તથા નથવાણી રોજીનાબેન અને જલવાણી આરજુબેનનાં માર્ગદર્શન તળે પાર્લર અને મેંદીનાં તાલીમવર્ગો પૂર્ણ થયાનાં ભાગ રૂપે યોજેલ સેમિનારમાં ભાગ લેનાર બહેનોનો ઇનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત હાજી શ્રી સતારભાઇ સૈયદ, મુકેશભાઇ ખોખરીયા અને પી.એલ.મારૂ તથા મંજુલાબેન શાહનાં શુભ હસ્તે ઇનામ વિતરણ થયુ જેમાં લગભગ ૨૦૦ બહેનોએ હાજર રહી તાળીઓનાં ગડગડાટથી કાર્યક્રમની ખૂશી વ્યકત કરી અને વાતાવરણ ગૂંજી ઉઠયું.દીપ્તીબેન દવે, આરજુબેન જલવાણી, મંજુલાબેન શાહ, ગીતાબેન વણજારા અને મધુબેન સાંગાણી વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.એમ.શ્રી મંજુલાબેન શાહ અને ધ્રુવ સેદાણીની યાદીમાં જણાવાયું છે.

સોમનાથ વેરાવળમાં વ્યાજખોરોનો આંતક : બેનો આપઘાત, એક ગામ મુકીને ભાગ્યો

વેરાવળ, સોમનાથ વેરાવળ શહેરમાં અનેક નાના વેપારીઓ ગરીબ મધ્યમ વર્ગ નોકરીયાત, યુવાનો તેમજ શાક બકાલુ મચ્છી વેચતી મહીલાઓ ઉપર તેમજ અનેક ઉપર વ્યાજ વટાવખોરોએ આંતક ફેલાવેલ છે તેથી તાજેતરમાં એક કોળી અને કારડીયાનું યુવાનનું મૃત્યુ થયેલ હતું તેમજ અનેક યુવાનોએ ઝેરી દવા પીધેલ હોય તેવા અનેક કિસ્સાઓ પોલીસ ચોપડે નોંધાયેલ છે.શહેરનામાં અને વિસ્તારોમાં વગર લાયસન્સે વ્યાજે આપતા માથા ભારે લુખ્ખાઓ ટપોરીઓ ૧૦,થી ૫૦ હજાર કે લાખ રૂપિયા વ્યાજે આપી અનેકગણા નાણાઓ વસુલ કરે છે તેનો ધીરધારનો ધંધો અનેકગણો વધારી દીધો છે.તાજેતરમાં કોળીવાડામાં રામજી ધારેલા કાજલીનાં હરીભાઇ ઝાલા વ્યાજનાં વીષ ચક્રમાં આવી ઝેરી દવા પી જઇ આપઘાત કરેલ હતો તેથી આખો પરીવાર નોધારો થઇ ગયેલ છે તાજેતરમાં કોળી વાડામાંથી સીધી યુવાન પણ વ્યાજનાં વીષચક્ષથી ગામ છોડીને નાસી ગયેલ છે તેમજ રીતે એનેક યુવાનો વ્યાજનાં વીષચક્રમાં ઝીંદગીથીહાથ ધોઇનાખવા પડશે છે તેવી પરીસ્થિતી ઉભી થયેલ છે વ્યાજખોરોની દાદાગીરી લુખ્ખાગીરીથી હોસ્પીટલથી મરણ મુખનિવેદનમાં ભુલથી દવાપી જવાનું લખાવી દેવા માટે મજબુર કરાય છે તેમજ વ્યાજનાં વીષ ચક્રમાંથી અટવાયેલા પરીવારોનાં ઘરે પજવણી શરૂ થતા અનેક પરીવારોને ગામ છોડવાનો પણ વખત આવેલ છે સ્થાનિક પોલીસ તંત્ર પાસે આવા અનેક વ્યાજ ખોરાનાં નામો હોવા છતા કોઇ કડક કામગીરી થતી નથી તેથી આવા વ્યાજ ખોરો ખુલ્લેઆમ આંતક મચાવે છે.

જામનગર વાલસુરા ખાતે તા.૧૩ માર્ચે ભરતી મેળો

[illegible]

સમુહલગ્નોત્સવમાં અલ્ટ્રાટેક સિમેન્ટ લી.કોવાયાનો સહયોગ

લોઠપુર, બાબરકોટ, ભાકોદર, રાજુલા, કથીવદર તથા વારાહસ્વરૂપમાં સમુહલગ્ન આ વર્ષે યોજાયા હતા. સમૂહલગ્ન એક નેક હેતુ સાથે કરવામાં આવતો હોય છે. જેમાં અલ્ટ્રાટેક સિમેન્ટ લી. કોવાયા પણ સહયોગ આપે છે. ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે નવા દંપતિઓને આશિર્વાદ રૂપી ભેટ આપે છે.

હરસ, ભગંદર, ફીશરની સંપૂર્ણ સારવાર
ઉૐકાર એનોરેકટલ ક્લીનીક
ડૉ. પ્રણવ ડી. સાપરીયા BHMS

ચામડીની તકલીફ?
સોરીયાસીસ - સફેદ ડાઘ
નિષ્કલંક હોમિઓપેથીક ક્લિનીક
ડૉ. આનંદ એમ. જોશિ B.H.M.S.
મો. ૯૫૬૦૦ ૬૯૬૦૦

સત્યમેવજયતે
AVADH TIMES DAILY

અવધ ટાઇમ્સ

અમરેલી તા.૫-૩-૨૦૧૪ બુધવાર
પાના નં ૬

હંમેશા કંઇક નવું એકજ ભાવ
● રેમન્ડ ● વિમલ ● ડોનીયર ● સિયારામ
● મસુર ● ગાસીમ બોલમોન્ટ ● અરવિંદ
● મફતલાલ ● બેલમોન્ટ ● એસ.કુમાર
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી.
મો. ૯૪૬૬૪ ૩૩૪૧૧

ઓપરેશન વિના
હરસ-મસા ફીશરની સારવાર
ફક્ત ૭ દિવસમાં જ કોર્સ
ડૉ. રોતન બળદાણિયા B.H.M.S.

એશિયાટીક સિંહોની સલામતી સામે જોખમ છતાં વન વિભાગનું નિંભર તંત્ર નિંદ્રાધીન

જિલ્લામાં ચાર માસમાં ૧૩ વન્ય પ્રાણીઓનાં કમોત

વનવિભાગની દેખરેખ હોવા છતાં પણ ગીરમાં વન્યપ્રાણીઓનાં અસ્તિત્વ સામે ખતરો

ચાર માસમાં છ સિંહબાલ, ૩ સિંહણ, બે દિપડા અને બે દિપડાનાં બચ્ચા અકસ્માતે મોતને ભેટયા :ઘટનાઓનો સીલસીલો રોકવામાં તંત્ર નિષ્ફળ

સિંહનાં મૃતદેહમાંથી નખ પણ ગાયબ છતાં તંત્રનાં પેટનું પાણીયે હલતું નથી

ધારી(હસમુખ દવે) સમગ્ર એશિયા ખંડમાં એકમાત્ર અમરેલી, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં સિંહનું અસ્તિત્વ છે અને સિંહોને અન્ય રાજયોમાં ખસેડવા સામે રાજયભરમાંથી પ્રચંડ વિરોધ થયો હતો ત્યારે ગીરમાં જ વન્ય પ્રાણીઓ સલામત નથી તે ફરી એક વખત સાબિત થઈ ગયું છે આ અત્યંત ગંભીર મુદ્દે વન વિભાગ તાકીદનાં ધોરણો નક્કર પગલાં નહી લે તો પર્યાવરણ પ્રેમીઓ આકરા મિજાજમાં છે

થોડા દિવસો પહેલા જ રાજુલા તાલુકાનાં શ્રી હેઠળ કપાઈ જવાના કારણો બે સિંહણોનાં મોત થયા હતા સાવરકુંડલામાં પણ ટ્રેન હેઠળ કપાઈ જવાના કારણે એક સિંહબાળનો ભોગ લેવાયો હતો સાવરકુંડલા રેન્જમાં ખૂલ્લા કુવામાં પડી જવાથી એક સિંહબાળનો ભોગ લેવાયો હતો અન્ય એક સિંહ બાળ તેની માતાનાં વિરહમાં જંગલમાં ભટકતુ હતુ તેનો કોહવાયેલો મૃતદેહ મળ્યો હતો રબારીકા રેન્જમાં ઈનફાઈટમાં સિંહબાળનું મોત થયું હતુ ચાંદગઢ પાસે એક બાળસિંહનો શંકાસ્પદ હાલતમાં મુતદેહ મળ્યો તેમાં પણ નખ ગાયબ છે તેમ ગઈકાલે બે દિપડી કુવામાં પડી જવાથી મરી જવાની ઘટનાં પણ બહાર આવી હતી ઘોબીઘાટ વિસ્તારમાં પણ એક દિપડીનો મૃતદેહ મળ્યો છે કાંગસા પાસે અને દલખાણીયા પાસેથી પણ બે દિવસનાં મુતદેહ મળ્યા હતા બગસરા નજીક ભલગામ પાસે શોકલગતા એક સિંહ બાળનું મુત્યુ થયું હતું.

અમરેલી જિલ્લામાં ૭૨૮ સ્કવેર કીલો મીટરમાં પથરાયેલા ગીરનાં જંગલમાં આશરે ૧૭૦ થી ૧૮૦ જેટલા સિંહો વસવાટ કરે છે આ ઉપરાંત રેવન્યુ વિસ્તારમાં અંદાજીત ૧૦૦ જેટલા સાવજ વસવાટ કરે છે રેવન્યુ વિસ્તારમાં સિંહોની સલામતીનો મુદ્દો ખૂબજ પેચીદોરો બન્યો છે.લાયન શો માટે આવતા પ્રવાસીઓ દ્વારા દેરાગનગીન ન થાય ખૂલ્લા કુવાઓ વન્યપ્રાણીઓના મોતને ન ભેટે.

શ્રી મનુભાઈ પીઠવડીવાળા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

અંટાળિયા ખાતે સર્વ જ્ઞાતિ સમુહ લગ્ન સમારોહ યોજાયો

દકુભાઈ બાલધા, હનુભાઈ ઘોરાજીયા, મનુભાઈ ચાવડા સહીતનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

લીલીયા,લીલીયા તાલુકાનાં અંટાળીયા ખાતેશ્રી મનુભાઈ પીઠવડીવાળા અને શ્રી વેલનાથ સેવા પ્રગતી મંડળનાં સંયુકત ઉપકમે શ્રી દકુભાઈ બાલધા પીઠવડીવાળાની અધ્યક્ષતા ત્રિણીય સર્વજ્ઞાતિ સમુહલગ્ન સમારોહ યોજાય ગયેલ.આ પ્રસંગે સમારોહનાં મુખ્યદાતા દકુભાઈ બાલધા, ભોજન સમારંભનાં દાતા હનુભાઈ હોટેદારોએ મોમેન્ટ અને શાલ ઓઢાડી સન્માન કરેલ ત્યાર બાદ ઉપસ્થિત અગ્રણી ધારાસભ્ય વી.વી.વઘાસીયા, પૂર્વ સાંસદ વીરજી ઠુમ્મર, ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, જિ.પં.સદસ્ય પ્રતાપ દુધાત, તા.પં.પ્રમુખ મંજુલાબેન વિરડીયા, મનુભાઈ ચાવડા સહીતનાં મહાનુભાવોનું પુષ્પહારથી સન્માન કરવામાં આવેલ ત્યાર બાદ ઉપસ્થિત અગ્રણી આગેવાનો પ્રભુતામાં પગલાં પાડનાર નવદંપતિઓને આશીર્વચન પાઠવવા લગ્ન મંડપ સુધી દોડી ગયેલ.આ તકે પ્રાસંગીક પ્રવચન આપતા શ્રી મનુભાઈ પીઠવડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટનાં દકુભાઈ બાલધાએ જણાવેલ કે શ્રી મનુભાઈ પીઠવડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી ભગીરથભાઈ બાલધા સમાજીક કાર્યો જેવા કે શિક્ષણ આરોગ્ય સમુહ લગ્ની સહીતનાં કાર્યોમાં દાન આપવામાં હંમેશા અગ્રેસર રહે છે અને વેલનાથ સેવા પ્રગતી મંડળ આવતા વર્ષે ૫૦૦ લગ્નનું આયોજન કરશે તો પણ અમો મુખ્ય દાતા રહેશુ આ તકે હનુભાઈ ઘોરાજીયા, મનુભાઈ ચાવડા, વીરજીભાઈ ઠુમ્મર, પરેશભાઈ ધાનાણી સહીતનાં મહાનુભાવો એ આયોજક સમિતિની કામગીરી આવકારી આવા સામાજિક કાર્યો કરતા રહો તેવી શુભેચ્છા પાઠવી હતી.

ચમારડીમાં બાલદીન ઉજવાયો

આંગણવાડી કેન્દ્ર ખાતે ઉજવણીનું આયોજન

ચમારડી, ચમારડી આંગણવાડી કેન્દ્રમાં બાલદીન ઉજવાયો હતો.આજરોજ ચમારડી ગામે દરેક આંગણવાડીઓનાં કેન્દ્રો ભેગા મળીને બાલદીન ઉજવવામાં આવેલ જેમાં બાળકોને જુદી જુદી પ્રવૃતિઓ મુજબ નંબર ૧૨૩ આપીને રમકડાનું વિતરણ કરવામાં આવેલ દોડ તથા બાળ તંદુરસ્તી જે બાળકો બોલવા ચાલતામાં કુદાળ હોય તેવા બાળકોને રમકડાનું વિતરણ કરવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં દરેક કેન્દ્રનાં લાભાર્થી તથા વાલીઓએ હાજરી આપીને આ બાલદીન ઉજવણીનો લાભ લીધેલ હતો.

છારોડી ગુરુકુળમાં હોલીસ્ટીક હેલ્થ સેન્ટરનો શિલાન્યાસ

ભારતીય પ્રાચીન આરોગ્ય પધ્ધતિ યોગ અને આયુર્વેદ આપણો વારસો છે

અમદાવાદ,અતિ ખર્ચાળ મેડિકલ સારવારનાં સમયમાં લોકોએ શ્રેષ્ઠ સારવાર સરળતાથી મળે શકે તેવા શુભ હેતુથી શા.માધવપ્રિયદાસજી સ્વામીનાં અધ્યક્ષ સ્થાને પુરાણી શ્રી ભકિતપ્રકાશદાસજી સ્વામી તથાપુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ છારોડી એસજીવીપી ખાતે પૂ.જોગી સ્વામીની સ્મૃતિમાં યોગ, આયુર્વેદ અને મેડિકલ સાયન્સનાં અદભુત સંગમ રુપ જોગી સ્વામી હોલીસ્ટીક હેલ્થ સેન્ટરનો શિલાન્યાસ વિધિ આયુર્વેદ અને એલોપથીનાં નામાર્દિત વૈદરાજો અને ડોકટરો તથા મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવ્યો હતો સમગ્ર વિધિ પવિત્ર વેદ પંડિતો રામપ્રિયજી તથા લક્ષ્મીનારાયણજી દ્વારા કરાવવામાં આવી હતી.આ પ્રસંગે શિલાન્યાસ કાર્યક્રમ બાદ ગુરુકુલ સેન્ટર હોલમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જાણીતા ડૉ.પાર્થિવભાઈ મહેતા અને વૈદરાજ શ્રી હરીન્દ્રભાઈ દવેએ આંખ, નાક, વગેરે શરીરનાં ભાગોમાં થતાં રોગો, તેનાં ઉપાયો તથા આયુર્વેદ પધ્ધતિ પંચકર્મ, જાનુબસ્તી, દાંત, ગળાનાં રોગો, ક્ષારસુત્ર પદ્ધતિ, સુવર્ણ પ્રાશન, યોગ,શિરોધારા, વગેરે પ્રેઝન્ટેશન દ્વારા વિગતવાર સમજાવ્યું હતું.

ગેસીયાનું ટ્રેડ ડેલીગેશન જર્મનીમાં હેન્નઓવર ખાતે યોજાનાર સેબીટ(CeBIT) ૨૦૧૪ તથા યુરોપના દેશોની મુલાકાતે જશે

અમદાવાદ,ગુજરાત ઈલેકટ્રોનિકસ એન્ડ સોફટવેર એસોસીએશન(ગેસીયા) ઈન્ડસ્ટ્રીઝ આઈસીટી કંપનીઓના ૧૪ સભ્યોના એક જૂથને તા.૧૦થી ૨૧ માર્ચ ૨૦૧૪ દરમિયાન બિઝનેસના જોડાણો મજબુત કરવા તથા ગુજરાતમાંથી આઈસીટી એકસપોર્ટ વિસ્તારવા માટે જર્મનીમાં હેન્નઓવર ખાતે યોજાનાર (વિશ્વના સૌથી મોટા આઈસીટી પ્રદર્શન) સેબીટ-૨૦૧૪ તથા યુરોપનાં અન્ય દેશોની મુલાકાતે લઈ જઈ રહ્યુ છે.

આ ટ્રેડ મિશનની આગેવાની ગેસીયાનાં પ્રેસિડન્ટ અને સીએમડી, ગ્લોબલ ટેક ઈન્ડિયાનાં શ્રી પંકજ શાહ લેશે. આ ડેલીગેશનને ઈન્ટરનેશનલ માર્કેટમાં એકઝીબીટર તરીકે ગુજરાત સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકારની ઉદ્યોગ કમિશનરની કચેરીનો તથા ઈન્ટરનેશનલ બી-ઓપરેશન સ્કીમ હેઠળ એમએસએમઈ મંત્રાલયનો સહયોગ પ્રાપ્ત થયો છે.આ પ્રદર્શનમાં ગેસીયાની સામેલગીરી અંગે વિગતો આપતા ગેસીયાના પ્રમુખ શ્રી પંકજ શાહે જણાવ્યું હતુ કે, ‘ એક એકઝીબીટર તરીકે સૌ પ્રથમ વખત ગેસીયા ઈન્ટરનેશનલ માર્કેટમાં ગુજરાત આઈસીટી સેકટરના અધિકૃત ટ્રેન મિશન તરીકે જઈ રહ્યું છે. સેબીટ-૨૦૧૪એ આઈસીટી સેકટરનાં અદ્યતન ઈનોવેટીવ સોલ્યુસન્સ લઈને ગુજરાતના આઈસીટી સેકટરનું ગ્લોબલ પ્લેટફોર્મ ઉપર પ્રતિનિધિત્વ કરશે. જે વૈશ્વિક સ્તરે એક નવી પહેલ તરીકે લીટમસ ટેસ્ટ બની રહેશે.

અમરનગર સ્થિત જૈન દેરાસરનાં કથળેલા વહિવટને સુધારવા માંગ

દેવળકીનાં વયોવૃધ્ધની ફરિયાદ કોઈ ધ્યાને લેશે? : ભભુકતો રોષ

જેતલસર,જેતપુર તાલુકાનાં અમરનગર ગામે આવેલા જૈન દેરાસરનો વહિવટ લાંબા સમય થયા કથળ્યો છે. આ બાબતે ફરીયાદ કરતાં ભટુકલાલ મોતીચંદ મહેતા નામનાં દેવળકીનાં વયોવૃધ્ધ કહે છે કે આ દેરાસરનાં ટ્રસ્ટીઓ બહાર રહેતા હોય વખતોવખતનાં આયોજનોને બહાર પાડવા મુશ્કેલીઓનો સઁજાય છે.આ સિવાય દેરાસર દ્વારા ખાતે અપાયેલી દુકાનોનો ગૂંચવડો પાર પાડવાની જરૂર હોવાનું ફરીયાદ જણાવે છે સંબધિતો દ્વારા હાથ ધરાતી દેરાસરને લગતી સેવાઓ બતાવતા ભટુકલાલ મહેતા જણાવે છે કે ગત પજોસણ પર્વ દરમિયાન નાત જાતનાં ભેદભાવ વગર તેઓ દ્વારા અન્ય જ્ઞાતિનાં લોકોને પણ પ્રતિક્રમણ કરાવ્યા હતાં.તો આંગણવાડીનાં બાળકોને ભોજન ઉપરાંત ખુરશીઓ ભેટ અપાઈ હતી કોઈપણ હોદાની લાલચ વગર અમરનગર જૈન દેરાસરમાં સેવા આપનાં દેવળકીનાં વૃધ્ધ કહે છે કે જો દેરાસરનાં પ્રમુખ અને ટ્રસ્ટીઓ યોગ્ય ધ્યાન આપે તો દેરાસની પંચકનાં ગામોમાં ચાહના વધે તેમ છે.

સાવરકુંડલા પાલીકાનું બજેટ ના મંજુર થતાં પાલીકા પ્રમુખ લઘુમતિમાં મુકાયા

પાલિકાના બહુમતિ સભ્યો દ્વારા કલેકટરશ્રીને લેખીત રજુઆત

સાવરકુંડલા,

સાવરકુંડલા નગરપાલિકા ની બજેટ બેઠક ના મંજુર થતા ભાજપ શાષિત પ્રમુખ લઘુમતીમાં આવી ગયા છે જયારે બહુમની સભ્યો દ્વારા કલેકટરશ્રી અમરેલી ને લેખિત રજુઆત કરીને સ્ટોપ પેમેન્ટ સાથે શાષિત પ્રમુખ સામે બાયો ચડાવીને ભીડવાનાં પ્રયત્નો હાથ ધરાતા પગતલે રેલો આવી ગયેલ હોવાનું જાંવા અને જણવા મળી રહયું છે.

સાવકુંડલા નગરપાલિકાની બજેટ બજેટ માં ભાજપ શાષિત પાલિકાનાં પ્રમુખ સામે ૧૯ જેટલા બહુમતી સદસ્યો દારા બજેટ નો ઉલાળીયો કરી નાંખતા પાલિકાનાં પ્રમુખ હુલાભાઈ પટેલ લઘુમતી માં મુકાઈ ગયો છે પાનકકાનાં ઉવેત્ર મહિનાનાં પ્રમુખ શ્રી એ કમીટીઓની રચનાઓ ન કરીને અધ્યક્ષસ્થાને થી ઠરાવો કરીને એકહથ્થુ શામન ચલાવીને ખખ્રાવાર આદરતા હોવાની પાલિકાના સદસ્યો માં બૂમો ઉઠવા પામેલ હતી અને હાલ બજેટ બેઠકના મનજુર થઈ અને સરકારશ્રીનાય અને નગરપાલીકાનાં દિન વિરૂધ્ધ ઠરાવો કરે તેવી અને દુષિત કાર્યવાહી કરે તેવી બહુમની સભ્યો ને દઝેશત હોય તેથી અમરેલી કલેકટરાલિકાના તમામ પ્રકારનાં વહિવટ સબંધ કોઈપણ નાણાકિય નાનું કે મોટુ બીલ પાસ કરવા કે નાણા ચુકવવા કોઈપણ પ્રકારની કાર્યવારી કે કસવો કરે નહી તેવા સા.કુ. નગરપાલીકા નાં પ્રમુખ વિરૂધ્ધ ” સ્ટોપ પેમેન્ટ ” તો હુકમ કરવા બહુમની અભ્યો એ માંગણી કરેલ છે સાથોસાથ જો પાલિકાનાં બહુમતી સાબિત કરવાનો પડકાર બહુમતી ધરાવતા સભ્યો એ કયો છે અને જો બહુમની પ્રમુખ સાબિત ન કરી શકેતો પ્રમુખ તરીકેનો ચાર્જ પણ લઈ લેવાનો અનણૂરોધ કરવામાં આવતા પાલિકાનાં પ્રમુખ નાં પગતળે રેલો આવી ગયો છે કોંગ્રેસ ભાજપ અને અપક્ષોએ પાલિકાનાં પ્રમુખ નાં પગ તળે રેલો બી ગયો છે કોંગ્રેસ ભાજપ અને અપક્ષોએ એકજુથ બનીને શાષિત પ્રમુખ સામે રોષીત વધુ હોય સાથી આગણી દિવસોમાં બજેટ બેઠક સુમેળ સંપન્ન થશે કે પછી એપણ ના મંજુર થશે તેનો સમયજકકેશે!!

જેતપુરમાં ફરસાણનાં ‘બેફામ’ ભાવોથી ગૃહણીઓમાં રોષ..

જેતલસર,

જેતપુર શહેરમાં દિન પ્રતિદિન વધી રહેલાં ફરસાણનાં ભાવોથી ગૃહિણોમાં ભારે કચવાટ સંભળાઈ રહયો છે. આ બાબતે અશોકભાઈ પ્રજાપતિ સહિતનાં જાણકારોનું કહેવું છે કે અગાઉ તેલનો ભાવ ડબ્બાનાં રૂા.૨૦૦૦ અને લોટનો ભાવ રૂા.૭૦(કિ.ગ્રા) હતો ત્યારે રોજીંદા વપરાતા ફરસાણનો ભાવ રૂા.૧૬૦ થી ૨૦૦ હતો.

જયારે આજે તેલનાં ડબ્બાનો ભાવ રૂા.૧૨૫૦ અને લોટનો ભાવ રૂા.૪૫ જેવો થઈ ગયો હોવા છતાં ફરસાણનો ભાવ તેમનો તેમ એટલેકે રૂા.૧૮૦ થી ૨૦૦ રૂપિયા લેવાતા હોય બાળકોનાં નાસ્તામાં લેવાતા રોજીંદા ફરસાણ ખરીદવામાં લોકોની આંખો ફાટી જાય છે.

આ બાબતે લાગતા વળગતાં સતાવાળાઓને તાકિદે શહેરનાં ફરસાણનાં વેપારીઓ સાથે બેઠક યોજી ભાવબાંધણું નકકી કરવાં સીમાં માંગ ઉઠી છે.

અમરેલી જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર અને ગુજકોસ્ટ દ્વારા

અમરેલી ફોરમ સ્કૂલમાં વિજ્ઞાન દિન ઉજવાયો

બાળકો દ્વારા ૧૫ પ્રોજેકટ રજુ કરવામાં આવ્યા : પ્રોત્સાહન

અમરેલી,

અમરેલી ફોરમ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ઉજવણી કરવામાં આવી હતી. તે નિમિતે બાળકો દ્વારા ૧૫ પ્રોજેકટ બનાવાયા હતા અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રોજેકટ માટે શિક્ષકોએ માર્ગદર્શન આપ્યું હતુ. અમરેલી જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરીત આ કાર્યક્રમમાં તજ્ઞ તરીકે નૂતન હાઈસ્કૂલનાં નિવૃત પ્રિન્સીપાલશ્રી ટી.જી.માંડલિયાએ સેવા આપી હતી. આ પ્રસંગે જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રના ડાયરેકટર નિલેશભાઈ પાઠક, ડૉ.ઓર્ગેનેટર પંકજભાઈ લકરડી, એઈડ્ઝ કન્ટ્રોલનાં પ્રોજેકટ ચેરમેન ચેતનાબેન પાઠક દ્વારા બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા તેમ ફોરમ સ્કૂલનાં ટ્રસ્ટી મુકેશભાઈ ગોહિલે જણાવ્યું છે.

અમરેલી ક્રિષ્ના પબ્લીક સ્કુલમા વાર્ષિકોત્સવ યોજાયો

અમરેલી, વિજ્ઞાન પ્રવાહના શિક્ષણમાં સદૈવ અગ્રેસર કિષ્ના પબ્લીક સ્કૂલના વાર્ષિકોત્સવમાં પ્રાચીન તથા અર્વાચીન કૃતિઓએ રમઝટ બોલાવી હતી. ભુલાઈ રહેલા પ્રાચીન રાસ - ગરબાઓ નિહાળી ઉપસ્થિત વાલી ગણ તથા મહેમાનો આફરીન પોકારી ગયા હતા. આ ઉપરાંત અંધશ્રધ્ધાને દુર કરવા માટે કાનજી ભુઠ્ઠા બારોટને શ્રધ્ધાંજલી રૂપ ગુજરાતી નાટક ’ જીવ્યા ભાભો એ વિશેષ આકર્ષણ જમાવેલું અનય તમામ અર્વાચીન કૃતિઓએ પણ મહેમાનોના મન મોહિ લીધા હતા. અમરેલી જીલ્લા આહિર સમાજ પ્રમુખ તથા સામાજીક અગ્રણી શ્રીજીતુભાઈ ડેર, નિવૃત ડેળવણી નિરિક્ષક -કવિ -કટારલેખક શ્રી મહેન્દ્રભાઈ જોષી, કવિ તથા સાહિત્યકાર શ્રી પરેશભાઈ મહેતા, કવિયત્રી શ્રી કાલિન્દીબેન પરીખ, ખંસીધર સ્કૂલ ના પ્રિન્સીપાલ શ્રી પ્રવિણભાઈ વસરા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પુસ્તક મંડળના ડિરેકટર શ્રીતુલસીભાઈ મકવાણા પીઢ શિક્ષણ વિદ શ્રીસીતાપરા યુવા ભાજપના હોદેદારો શ્રી ભગીરથભાઈ ત્રિવેદી તથા શ્રી રાજેશભાઈ અવધ ટાઈમ્સ તથા ચેનલના તરવરાટ ભર્યા યુવા પત્રકાર શ્રી રોમીલભાઈને વદીવટી તથા શૈક્ષણિક બાબતોમાં મદદરૂપ થવા બદલ સન્માન કરવામાં આવેલું અા તકે વિશેષ ઉપસ્થિત રહેલા અમરેલીના ધારાસભ્ય તથા યુવા અગ્રણી શ્રી પરેશભાઈ ધાનાણી દ્વારા વિદ્યાર્થીઓને તથા મહાનુભાવોને સન્માનિક કરવામાં આવ્યા. આ તકે દિપક હાઈસ્કૂલના પ્રિન્સીપાલ શ્રી અમીતભાઈ ઉપાધ્યાય, શ્રીદિનંતભાઈ શેઢુભારના સહકારી આગેવાનો, શેઢુભાર હાઈસ્કૂલના પ્રિન્સીપાલ શ્રી જોષી નૂતન સ્કૂલમાંથી શ્રી સોચા તથા અન્યવરિષ્ઠ શિક્ષકો શ્રી કુરેશી શ્રીપ્રકાશભાઈ જોષી શ્રી સેજુ શ્રી કશ્યપ વગેરે ઉપભરાંત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘના હોદેદારો સર્વશ્રી વસરા શ્રી રૂપાલા શ્રી દીલવત શ્રી તુલસીભાઈ મકવાણા શ્રી રોહિતભાઈ મહેતા , ઉપરાંત અમરેલીlion Ms clubમાંથી પ્રો.ડો. સાવલીયા તથા અન્ય હોદેદારો. ઉપરાત અમરેલી ખોડલ ધામ સમિતીમાંથી શ્રી જગદીશભાઈ તળાવીયા અને સખરીલીયા કવિશ્રી સ્નેહીભાઈ પરમાર, વિખ્યાત જયોતિષ શાસ્ત્રી તથા કવિ શ્રી રોહિતભાઈ જીવાણી વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સન્માનીત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવવા શ્રી ડોડીયા શ્રી આદિત્ય શ્રી જય શ્રી ગભરૂભાઈ, શ્રી કડેવાલ શ્રી ઉનડકટ શ્રી નિધીબેન , શ્રીમતિ ચંદ્રીકાબેન, શ્રી કાજલ મેડમ શ્રી મેતલીયાબેન તથા તમામ સ્ટાફગણને સંસ્થાના પ્રમુખશ્રી ગજેરા મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતિ તૃપ્તિબેન ગજેરા તથા આચાર્યા શ્રીમતિ જયોતિબેન . જે .ગોડલીયા અભિનંદન પાઢવે છે.

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
અવધ ટાઈમ્સ
અમરેલી તા.૫-૩-૨૦૧૪ બુધવાર

હાઈટ (ઉંચાઈ) વધી શકે છે
ડૉ. ચેતન બનજારા
ગણેશ કોમ્પલેક્ષ, ૧લા માળે ગોલ્ડન પ્લાઝાની સામે માણેકપરા કોર્નર સ્ટેશન રોડ, અમરેલી
ફોનં. ૨૨૮૯૩૩, મો. ૯૪૨૬૨ ૭૬૭૬૩

શ્યામ
કાઠીયાવાડી કેટરર્સ
શ્યામ ડાઈનીંગ હોલ

ક્રિષ્ના કેટરર્સ & ડાઈનીંગ હોલ
સ્વ. ગુજરાતી થાળી - માર્કેટયાર્ડ સામે
જમવા માટે પધારો

રેડ કોર્નર
તા.૨૮-૨-૨૦૧૪ થી તા.૨૦-૩-૨૦૧૪ સુધી રેડ કોર્નર સિનેમા રીનોવેશનના કારણે બંધ રહેશે જેની અમરેલીની જાહેર જનતાએ નોંધ લેવી શરૂ કરતા પુર્વે જાહેરાત આપવામાં આવશે.

પહેલા પાનાનું

વોટસએપ મેસેજ

આજરોજ શહેરના રાજુભાઈ આમદભાઈ બીલખીયા અને મહેબુબ ઉમરભાઈ કુરેશી તથા તેના સહકારમાં જે કોઈ હોય તેની સામે ઈન્ફરર્મેશન ટેકનોલોજી એકટ-૨૦૦૦ની કલમ -૬૬ (એ) તેમજ ઈન્ડીયન પીનલ કોડની કલમ- ૪૨૭, ૫૦૨, તથા ૫૦૫ અન્વયે ગુન્હો નોંધાયેલ છે તેમજ મહેબુબ ઉમર કુરેશ જેઓ અમરેલી નગરપાલિકામાં વેરા અધિકારી તરીકે રૂા.૯૦૦૦૦૦ની ઉચાપત કરેલ જે અંગે નગરપાલિકાના ચીફ ઓફિસરે ફરીયાદ કરેલ અને તેઓને બરતરફ કરેલ છે તેમજ રાજુ બિલખીયા વિરૂધ્ધ પણ અગાઉ અનેક ગુન્હાઓ નોંધાયેલ છે.આવા સમાજ વિરોધી તત્વોથી લોકોને ચેતવાની જરૂર છે. અને તેનું સમાજમાં શું સ્થાન છે જે અમરેલીની જનતા સારી રીતે જાણ છે.રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના રૂલ્સ મુજબ બેંકમાં થાપણદારોએ જે મુદતમાં ડીપોઝીટ મુકેલ હોય તે મુદત પહેલા વટાવી શકે નહી જે બેંક સાથેનો એક કોન્ટ્રાકટ એટલે કે એગ્રીમેન્ટ કહેવાય અને અમને પણ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયામાંથી સુચના મળેલ કે ડીપોઝીટ પર ન આપશો કારણ કે થાપણદારોએ જે ડીપોઝીટ મુકેલ છે તેની સામે બેંક ધિરાણ કરેલ છે આવી રીતે અચાનક બધકા થાપણદારો ડીપોઝીટ પરત માંગે તો અમોએ કરેલ ધિરાણ અમે વેપારી પાસેથી તાત્કાલીક પર ન માંગી શકીએ જેથી રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ડીપોઝીટ પરત આપવાની ના પાડે છે પરંતુ અમોએ બેંકના થાપણદારોનો વિશ્વાસ જાળવી રાખવા માટે તા.૨૮-૨-૧૪ થી તા.૪-૩-૧૪ સુધીમાં કુલ ૨૦ કરોડની ડીપોઝીટ પરત કરેલ છે.જેની સામે બેંકમાં ગોલ્ડની રીકવરી રૂા.૪ કરોડની આવી છે રીઝર્વ બેંકના નિયમ મુજબ બેંક સેવિંગ અને કરન્ટ ખાતામાં જે રૂપિયા હોય ફક્ત તેવા જ લોકો આવા સમયે ઉપાડ કરી શકે એ સિવાયના ડીપોઝીટરોનો ઉપાડ કરવાનો અધિકાર નથી જે સૌવ કોઈ સમજતા હોવા છતા પણ આવી અફવાઓમાં આવી જાય છે. અને ગ્રાહકોને સંતોષ આપવા અમારે પણ નિયમોની બહાર જઈને પેમેન્ટ કરવુ પડે છે.આવતીકાલથી બેંકમાં સવારના ૧૧ થી ૩ કલાક સુધી તમામ કામકાજ રાબેતા મુજબનું ચાલુ રહેશે બેંકના કપરા સંજોગોમાં રૂટીન વર્કમાં ડીસ્ટર્બ થનાર તમામ વેપારીઓ અને તમામ સભાસદોને બેંકવતી પડેલ અગવડતા બદલ દિલગીરી વ્યક્ત કરૂ છુ.તેમજ બેંકનું ડેઈલી રીકરીંગ સી.સી. હાઈપોથીકેશનના તમામ વ્યવહાર વેપારીઓ શરૂ કરી શકશે. બેંકના કપરા સંજોગોમાં જેઓએ ડીપોઝીટ આપવા અંગેની લાગણી વ્યક્ત કરી છે તેવા માન.શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી હનુભાભા ધોરાજીયા, નવિનચંદ્ર રવાણી, લાઠી નાગરીક સહકારી બેંકના શ્રી કીર્તીભાઈ પટેલ, બોમ્બેના મારા મિત્ર શ્રી વિમલભાઈ સેદાણી, અમરેલીના ઉદ્યોગપતિ શ્રી વસંતભાઈ ગજેરા, શ્રી નરેશભાઈ કુંજડીયા, મથા શ્રી વસંતભાઈ મોવલીયા તમામનો આભાર માનુ છુ અને બેંક પર રૂબરૂ હુંફ આપી છે. તેવા શ્રી શરદભાઈ લાખાણી પુર્વ સાંસદ વિરજીભાઈ ઠૂંમર, પુર્વ ધારાસભ્ય શ્રી ઠાકરશીભાઈ મેતલીયા, ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી પંકજભાઈ કાનાબાર અને પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબારને આ તકે આભાર માનુ છુ તેમજ બેંક અને મારી સાથે સંકળાયેલ અનેક નામી અનામી મિત્રોએ પાંચ દિવસ સુધી સતત અમારી સાથે રહયા તે તમામ મિત્રો તેમજ ઈલેકટ્રોનીકસ મીડીયા અને પ્રિન્ટ મીડીયાના પત્રકારુમિત્રો માલિકો અને જિલ્લા પોલીસ વડા શ્રી ગૌતમ પરમાર , સી.ટી.પી.આઈ.શ્રીમકવા અને સીટી પોલીસ સ્ટાફ આ તમામનો હૃદયપુર્વકા આભારની લાગણી વ્યકતકન કરતા પીપીસોજીત્રાની યાદીમાં જણાવેલ છે.

ચિરવિદાય

સાવરકુંડલા

સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સાવરકુંડલા નિવાસી ચિ.નંદકુમાર કૌશિકકુમાર ત્રિવેદી ઉ.વ.૨ તે સ્વ. હર્ષદરાય મોહનભાઈ ત્રિવેદી (સા.કુ) પૌત્ર, કૌશિકકુમાર હર્ષદરાય ત્રિવેદી નીરૂબેન લાભશંકરભાઈ જોષી (પ્રા.શિ. નાના ભમોદ્રા- સીમશાળા)ના પુત્ર , શૈલેન્દ્રકુમાર હર્ષદરાય ત્રિવેદી (પ્રા.શિ.)ના ભાઈના દીકરાનું અંજલી, ધૈર્ય આસ્થા, ખુશીના નાનાભાઈનું અને કિષ્નાબેન યોગશકુમાર પંડયા મહુવાના ભત્રીજાનું તા.૩-૩-૧૪ને સોમવારે અવસાન થયેલ છે.બેસણું તા.૬ને ગુરૂવારે સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાકે નંદલાલ શેરી નં. ૩ કૃષ્ણ પ્લોટ સા.કું. મુકામે રાખેલ છે.

સાવરકુંડલા

ભારતીબેન મનસુખલાલ રાવળ ઉ.વ.૬૪નું તા.૪-૩-૧૪ના રોજ અવસાન થયેલ છે.તેઓ ઘનશ્યામભાઈ , મહેન્દ્રભાઈ , કિર્તીબેન, રેખાબેન, શોભનાબેનના માતૃશ્રીથાય સદગતની સાદડી તા.૬-૩ ગુરૂવાર ના રોજ ૪થી ૬ રાખેલ છે.

ધારી

કુબડા નિવાસી હાલ ધારી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ આનંદશંકર ભાઈશંકર મહેતા (ઉ.વ. ૮૪) તે હસમુખભાઈ, ભાસ્કરભાઈ, ભગવતીપ્રસાદ, તથા જાગૃતિબેન વ્યાસ (અમરેલી)નાં પિતાજી તેમજ હિંમતભાઈના મોટાભાઈનું તા. ૪નાં અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ મારૂતીનગર, ટપુભાઈની વાડી, ડો. વાડદોરીયાના દવાખાને પાસે, ધારી ખાતે રાખેલ છે.

જાફરાબાદ

સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ રોહિસા નિવાસી હાલ જાફરાબાદ સ્વ. જયંતિલાલ પ્રભુરામ જોષીના ધર્મપત્નિ, ગં.સ્વ. અનસુયાબેન ઉ.વ.૫૫નું તા. ૪-૩ના રોજ અવસાન થયેલ છે. તે અમીતભાઈ, કાજલ, ટીના, કૃપાબેન ઈલેશકુમાર જોષી ધરાઈ, મુંબઈ નિવાસી પરિક્ષિતભાઈ રાજારામભાઈના ભાભી, બગદાણા નિવાસી પ્રતાપરાય મણીશંકર ભટ્ટના પુત્રી, કનુભાઈ, મંજુલાબેનના નાનાબેન, નવલભાઈ, રમિલાબેનના મોટાબેન થાય સદગતની સાદડી તા. ૬-૩ના રોજ જાફરાબાદ અમારા નિવાસસ્થાન મોટા ઉસણીયા હવેલીની બાજુમાં ૨ થી ૫ રાખેલ છે.

પહેલા પાનાનું

મોદી આને વાલા હે

રથ તમામ ગામમાં જઈને મોદીની સિદ્ધિઓ ઉપર પ્રકાશ ફેંકશે. મોદીના સમર્થક તેમની લહેરને સુનામીને ફેરવી નાંખવાના પ્રયાસમાં લાગી ગયા છે. પાર્ટીના વ્યૂહરચનાકાર ઉત્તરપ્રદેશમાં મોદીની એક પછી એક નવ રેલી યોજી દીધા બાદ હવે તેમના વિચારો, જાહેરાતો અને વચનોને તમામ ગામ સુધી પહોંચાડવાની તૈયારીમાં છે. નવા અભિયાન હેઠળ મોદીના ગુણગાનકરનાર રથ તમામ વિધાનસભા ક્ષેત્રમાં જશે. મોદીના વિચારને ગીત, ફિલ્મ અને ભાષણ મારફતે રજૂ કરવામાં આવશે. પાર્ટીએ આ અભિયાનને મોદી આને વાલા હૈ નામ આપ્યું છે. પાર્ટી સૂત્રોએ કહ્યું છે કે, ગામે ગામ જનાર ૪૦૦ રથ તૈયાર કરવામાં આવ્યા છે. દરેક વિધાનસભા ક્ષેત્રમાં એક રથ મોકલવામાં આવશે. આવા કુલ ૪૦૦ રથ ૪૦૩ વિધાનસભા ક્ષેત્રોમાં જશે. આ રથ ઉપર મોદી પોતે એલઈડી ટેલિવિઝન ઉપર નજરે પડશે. આ ઉપરાંત હોર્ડિંગ્સ, ધ્વજ અને પેમ્પ્લેટ અને ફોટા ઉપર નરેન્દ્ર મોદી રહેશે. ભાજપના પ્રદેશ પ્રભારી અમિત શાહે કહ્યું છે કે, આ રથ ૧૨૦૦૦ ગામોમાં પરિભ્રમણ કરશે. આ રથની સાથે સાથે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી તથા રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહના ઓડિયો અને વિડિયો કેસેટ રજૂ કરવામાં આવશે. ભાજપે સમગ્ર પ્રદેશમાં ૧૪૦૦૦૦ મતદાન મથકોની પસંદગી કરી છે. આ એવા બૂથ છે જ્યા કોઈપણ ચૂંટણીમાં પક્ષની સ્થિતિ સારી રહી નથી. આજની તારીખમાં સૌથી પછાત વિસ્તારો પણ છે. આવા બૂથ મોટાભાગે બુંદેલખંડ અને પૂર્વાંચલમાં છે. અભિયાન હેઠળ એવા ક્ષેત્રોની પસંદગી વિશેષ રીતે કરવામાં આવી છે જ્યાં સારો માર્ગોની સ્થિતિ દેખાઈ રહી નથી અને વિજળીની સ્થિતિ પણ નથી.

પહેલા પાનાનું

બાકિદારો સામે

મંડળીના મુ.વી. લોન બાકીદારો સામે મંડળીના મેનેજરશ્રીએ નેગોશ્યેબલ એકટની કલમ ૧૩૮ મુજબ બાકિદારોના ચેક રિટર્ન થતા લીલીયા કોર્ટમાં ફરીયાદ નોંધાવેલ છે.મંડળીના લોન બાકીદારો ભાવનાબેન વિપુલભાઈ જનવાર દિનેશભાઈ ઈન્દ્રસિંહભાઈ જનવાર, અરવિંદભાઈ રણછોડભાઈ બારૈયા, સોમેશકુમાર અમરસિંહ કચ્છી રે. તમામ લીલીયા, મનસુખભાઈ ભીખુભાઈ બોરીસાગર જાત્રુડા, છગનભાઈ મેઘજીભાઈ મકવાણા ઢાંગલાએ મંડળીમાંથી મેળવેલ લોન સમયસર ન ભરતા લોનહપ્તા પેટે આપેલ જે-તે બેંકના ચેક બેંક દ્વારા રિટર્ન થતા તેઓની સામે કાયદેસર કાર્યવાહી કરી ફોજદારી ગુન્હો લીલીયા કોર્ટમાકં દાખલ કરેલ છે.વધખુમાં મંડળીના મેનેજરશ્રી દિનેશભાઈ એચ.ભટ્ટ દ્વારા જણાવેલ છે કે, હાલ મંડળીમાં માર્ચ એન્ડીંગ વસુલાતની કામગીરી પુર જોષમાં ચાલીરહેલ હોય હજુ કેટલાક જુજ જીદદી મુદત વિતિ બાકિસદારો સામે ટુંક સમયમાં વસુલાતની કામગીરી હાથ ધરી કાયદેસર કરવાની ફરજ પડાશે.શ્રી ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ કરનારી સહ.મંડળી દ્વારા વસુલાત કામગીરી પુરજોષમાં ચાલી રહેલ હોય મંડળીના મુદતવિતિ બાકીદારોમાં ફફડાટ વ્યાપેલ છે.

પહેલા પાનાનું

આગેવાનો હેલીકોપ્ટરમા

કાર્યક્રમનો દેશભરમાં અને ગુજરાતમાં પણ ફીયાસ્કો થશે તેમ અમરેલી પાલિકાના સદસ્યશ્રી પીન્ટુ કુરૂંદલેએ જણાવેલ છે.શ્રી કુરૂંદલેએ જણાવ્યું છે કે કોંગ્રેસના આગેવાનો દ્વારા ગોઠવાયેલા કાર્યક્રમમાં બીચારા કાર્યકરો પદયાત્રા કરી રહ્યાં છે અને કોંગ્રેસના મોટા નેતાઓ હેલીકોપ્ટરો અને એસી ગાડીઓમાં ફરી રહ્યાં છે.દોડવાના જમાનામાં પદયાત્રા કરનારા કોંગ્રેસને લોકો દયાજનક સ્થિતિમાં મુકી કોંગ્રેસનો આ સંઘ દિલ્હી તો ઠીક પણ કાશી સુધી પણ નહીં પહોનચે તેમ શ્રી કુરૂંદલેએ જણાવેલ છે.

પહેલા પાનાનું

કતલખાને

ઈસમો દ્વારા કતલખાને મોકલવાની પેરવી કરતા હોવાની પૂર્વ બાતમીના આધારે ખાંભા ગૌરક્ષક સમિતિ દ્વારા તપાસ કરીને હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ વરેને બોલાવીને રાજુ ભીખુ વાઘેલા તથા ઉસ્માન અલારખ સંઘી રે. બંને લીખાળાને બે પાડા કિ.રૂા. ૧૫૦૦ સાથે પોલીસે ઝડપી પાડયા હતા.

પહેલા પાનાનું

સગીરા ગુમ

હોવાથી શહેર પોલીસે ગુમ થયાની નોંધ કરી તપાસ હાથ ધરી છે.સાવરકુંડલાના શિવાજીનગર ખાતે રહેતા બુધાભાઈ છનાભાઈ દુદકિયાની ૧૬ વર્ષની દિકરી પાયલ બે દિવસથી ઘરે કોઈને કહ્યાં વિના કયાંક ચાલી ગયેલ હોવાથી પાયલની માતા ચંપાબેન બુધાભાઈ સગરએ આજે શહેર પોલીસમાં ગુમ થયાની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરેલ છે જો કોઈને જાણ થયા તો શહેર પોલીસ સ્ટેશન ૦૨૮૪૫ ૨૪૨૪૯૯ પર જાણ કરવા પોલીસતંત્રએ અનુરોધ કરેલ છે.

પહેલા પાનાનું

અવિશ્વાસની દરખાસ્ત

મતથી અવિશ્વાસની દરખાસ્ત પસાર થતા ભાજપ શાસિત પાલિકાએ ભારે ચર્ચા જગાવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે લાઠી નગરપાલિકાના ૨૧ સભ્યો પૈકી ભાજપના ૧૪ અને કોંગ્રેસના ૫ અને ૨ અપક્ષ સભ્યો છે.તે પૈકી બે અપક્ષ સભ્યોએ દરખાસ્ત મુજબ કોંગ્રેસ અને અન્ય અપક્ષ તથા ભાજપના સભ્યોએ ટેકો આપતા આ દરખાસ્ત પસાર થતા રાજકીય ક્ષેત્રે ભારે ગરમાવો આવી ગયાનું જાણવા મળ્યુ છે.

પહેલા પાનાનું

કોંગ્રેસમાં પ્રવેશ

ચુપચાપ અન્યાયશ સહન કરનારશ્રી ભાભાએ જણાવેલ કે મારી સહનશક્તિ ત્યારે પુરી થઈ ગઈ કે હુ પાર્ટીમાં હોવા છતાયે બાબરાના વિજય વિશ્વાસ સંમેલનમાં મને આમંત્રણ સુધ્ધા ન અપાયું આવા અન્યાય સહન કરવાને બદલે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર હુ કોંગ્રેસમાં જઈ રહ્યો છુ હુ પહેલા પણ લોકોની સેવા કરતો આવ્યો છુ અને હજુએ લોકોની સેવા કરતો રહીશ.

લાઠીના જનઆક્રોશ સંમેલનમાં ઉમટી પડવાશ્રી મેતલીયાની હાંકલ

પક્ષના નિશાન ઉપર ચૂંટાયેલા ધારાસભ્યે કરેલા પક્ષના દ્રોહનો જવાબ આપવા લાઠી બાબરા દામનગરની જનતાને આપીલ



અમરેલી, લાઠીમાં આજે કોંગ્રેસ આયોજીત જનઆક્રોશ સંમેલનમાં ઉમટી પડવા માટે લાઠીના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસ અગ્રણી શ્રી ઠાકરશીભાઈ મેતલીયાએ જનતાને અનુરોધ કર્યો છે.શ્રી મેતલીયાએ જણાવ્યું છે કે, કોંગ્રેસના નિશાન ઉપર ચૂંટાયેલા બાવકુભાઈ ઉધાડે લોકોએ પાંચ વર્ષ માટે ચૂંટયા હોવા છતાયે લોકોના વિશ્વાસને ઠેસ પહોંચાડીને પક્ષપલ્ટો કર્યો છે અને તેને જવાબ દેવા માટે આજે યોજાનારા જનઆક્રોશ સંમેલનમાં ઉમટી પડવાશ્રી ઠાકરશીભાઈએ હાંકલ કરી છે.

કૃષિ મેળો

જમીન મકાન લે - વેચ
તૈયાર મકાન પ્લોટ, ફલેટ તથા ખેતીલાયક જમીન લે - વેચ માટે મળો.
ભરતભાઈ - અમરેલી
મો. ૮૬૯૦૨ ૮૦૦૮૦

મે.જાફરાબાદના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. જાફરાબાદ
ફોજદારી પરચુરણ અરજ નં. ૨૫-૨૦૧૪
અરજદાર : જાનીબેન મંગાભાઈ બારૈયા વા.ઓ. ઉકાભાઈ સોલંકી રહે. પીપળીકાંઠા મું.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ : સામાવાળા : ચીફ ઓફિસર નગરપાલિકા જાફરાબાદ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના રહીશ શ્રી જાનીબેન મંગાભાઈ સોલંકી એ તેમના નાનાભાઈ નામે સોમાભાઈ મંગાભાઈ બારૈયા નો જન્મ જાફરાબાદ મુકામે તા. ૨૨-૦૫-૧૯૫૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેમના વકીલશ્રી આર.બી.પઢીયાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ દફતરે કરાવી આપવા સામે કોઈને પણ વાંધો હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૯-૪-૧૪ ના રોજ સવારના ૧૦-૩૦ વાગ્યાના સુમારે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા. ૦૩ માહે ૩ સને ૨૦૧૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરીને આપ્યા.

તૈયાર કરનાર	તપાસનાર	હુકમથી
એસ.આર. ભંમર	એચ.એસ.સરવૈયા	પી.એમ.મેખીયા. રજીસ્ટ્રાર
આસી.	આસી.	જયુ. મેજી. ફ.ક. કોર્ટ - જાફરાબાદ

// જાહેર નોટીસ //

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ ઉદયન ત્રિવેદી એ લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસ થી જાણ / તાકીદ કરૂ છું કે, અમારા અસીલશ્રી અલ્પેશભાઈ હરીભાઈ જાવીયા રે. નાના આકડીયાવાળાની મીલ્કત કંચનકુંજ કોમ્પલેક્ષ હીરકબાગ અમરેલી સર્વે નં.૧૪, ૭૪,૯૨ પૈકી ટીકા નં ૨૧ પૈકી દુકાન નં. ૧ની ૨૮.૯૬ ચો.મી.રજીસ્ટર દસ્તાવેજ નં.૨૫૮૨ તા.૯-૧૦-૨૦૦૭ ઉપરોક્ત મીલકત આમારા અસીલશ્રીએ ૧ જયંતીભાઈ ખોડાભાઈ જાવીયા (૨) વિનોદરાય ખોડાભાઈ જાવીયા પાસેથી ઉપરોકત ફારગતી દસ્તાવેજથી આવેલ છે (૧) જયંતીભાઈ ખોડાભાઈ જાવીયા (૨) વિનોદરાય ખોડાભાઈ જાવીયા (૩) અલ્પેશભાઈ હરીભાઈ જાવીયાએ સદરહુ મીલકત (૧) અનંતરાય વિરચંદ ખારા (૨) ઈન્દુભાઈ વિરચંદભાઈ ખારા (૩) ચંદ્રકાંત વિરચંદ ખારા (૪) ભાનુબેન કેશવલાલ ખારા (૫) દુષ્યંતભાઈ કેશવલાલ ખારા (૬) રાજુભાઈ કેશવલાલ ખારા રે. મુંબઈના કુલ મુખત્યાર કલ્પેશકુમાર અનંતરાય ખારા રે. અમરેલી વાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૯૭૧ તા. ૨૫-૮-૨૦૦૩થી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલ મુખત્યારનામું સદરહુ રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું આ મિલ્કત સબંધે અમારા અસીલશ્રીએ અમારી પાસે એન.ઓ.સી. / ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે. તો ઉપરોક્ત મિલ્કત માં કોઈ ઈસમ / વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધસહકારી નું હીત સમાયેલ હોય કે ઉપરોક્ત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યક્તિનો લાગભાગ, હક્ક- હિસ્સો હોય તો ઉપરોક્ત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૦૩ (ત્રણ) માં લેખીત માં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ રજી. પોસ્ટ એ.ડી. થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી. અને જો હોય તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યું કરવામાં આવશે. ઉપરોક્ત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૫-૩-૨૦૧૪
સ્થળ : અમરેલી

ઉદયન ત્રિવેદી-એડવોકેટ એન્ડ નોટરી
ચિતલ રોડ, એરપોર્ટ સામે, 'હરનીલ' તપોવન પાર્ક અમરેલી.

// જાહેર નોટીસ //

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ ઉદયન ત્રિવેદી એ લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસ થી જાણ / તાકીદ કરૂ છું કે, અમારા અસીલશ્રી અલ્પેશભાઈ હરીભાઈ જાવીયા રે. નાના આકડીયાવાળાની મીલ્કત કંચનકુંજ કોમ્પલેક્ષ હીરકબાગ અમરેલી સર્વે નં.૧૪, ૭૪,૯૨ પૈકી ટીકા નં ૨૧ પૈકી દુકાન નં. ૧ની ૨૮.૯૬ ચો.મી.રજીસ્ટર દસ્તાવેજ નં.૨૫૮૨ તા.૯-૧૦-૨૦૦૭ ઉપરોક્ત મીલકત આમારા અસીલશ્રીએ ૧ જયંતીભાઈ ખોડાભાઈ જાવીયા (૨) વિનોદરાય ખોડાભાઈ જાવીયા પાસેથી ઉપરોકત ફારગતી દસ્તાવેજથી આવેલ છે ... ઉપરોક્ત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૫-૩-૨૦૧૪
સ્થળ : અમરેલી
ઉદયન ત્રિવેદી-એડવોકેટ એન્ડ નોટરી
ચિતલ રોડ, એરપોર્ટ સામે, 'હરનીલ' તપોવન પાર્ક અમરેલી.

સાવરકુંડલાના મહે શ્રી જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. સાવરકુંડલા
ફોજદારી પરચુરણ અરજી નં. ૬૭-૨૦૧૪
અરજદાર : મગનભાઈ ત્રિભોવનભાઈ મકવાણા ઉ. આ. ૬૦ ધંધો. નિવૃત્ત રે. શિવાજી નગર, મું. સાવરકુંડલા હાલ. મીરારોડ, મુંબઈ
વિરૂધ્ધ : સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી સાવરકુંડલા
અરજદારના વિ.વ.શ્રી. કલ્પેશ એમ.ત્રિવેદી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ગામના રહીશ શ્રી મગનભાઈ ત્રિભોવનભાઈ મકવાણા એ તેમના માતા નામે સાકરબેન ત્રિભોવનભાઈ મકવાણાનો મરણ સાવરકુંડલા મુકામે તા. ૧૪-૦૨-૧૯૮૦ ના રોજ થયેલ હોવાની સામાવાળાના દફતરે નોંધ કરાવવા તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં સદર અરજી દાખલ કરેલ છે તો તે સામે કોઈને વાંધો હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૩-૪-૧૪ ના રોજ સવારના ૧૦-૩૦ વાગ્યાના સુમારે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૩ માહે ૩ સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	હુકમ થી
પ્રદિપ બી.ધાધલ	ધનદિપ આર. નિમાવત	એન.કે.પરમાર - રજીસ્ટ્રાર
આસી.	આસી. / શિરસ્તેદાર	જયુ. મેજી. ફ.ક. કોર્ટ સાવરકુંડલા

સાવરકુંડલાના મહે શ્રી જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. સાવરકુંડલા
ફોજદારી પરચુરણ અરજી નં. ૬૮-૨૦૧૪
અરજદાર : મગનભાઈ ત્રિભોવનભાઈ મકવાણા ઉ. આ. ૬૦ ધંધો. નિવૃત્ત રે. શિવાજી નગર, મું. સાવરકુંડલા હાલ. મીરારોડ, મુંબઈ
વિરૂધ્ધ : સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી સાવરકુંડલા
અરજદારના વિ.વ.શ્રી. કલ્પેશ એમ.ત્રિવેદી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ગામના રહીશ શ્રી મગનભાઈ ત્રિભોવનભાઈ મકવાણા એ તેમના પિતાશ્રી નામે ત્રિભોવનભાઈ હરજીભાઈ મકવાણાનો મરણ સાવરકુંડલા મુકામે તા. ૧૦-૦૧-૧૯૮૨ ના રોજ થયેલ હોવાની સામાવાળાના દફતરે નોંધ કરાવવા તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં સદર અરજી દાખલ કરેલ છે તો તે સામે કોઈને વાંધો હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૩-૪-૧૪ ના રોજ સવારના ૧૦-૩૦ વાગ્યાના સુમારે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૩ માહે ૩ સને ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	હુકમ થી
પ્રદિપ બી.ધાધલ	ધનદિપ આર. નિમાવત	એન.કે.પરમાર - રજીસ્ટ્રાર
આસી.	આસી. / શિરસ્તેદાર	જયુ. મેજી. ફ.ક. કોર્ટ સાવરકુંડલા

ચામડી અને વાળનાં રોગો
ડૉ. રજની જે. નસીત
સ્પર્શ સ્કિન ક્લિનિક

જોઈએ છે
S.S.C / H.S.C. અને COLLEGE પાસ નાપાસ હોય તેવા વ્યક્તિઓ માટે સૌરાષ્ટ્રની ISOસર્ટીફાઈડ કંપનીમાં કાયમી ધોરણે નોકરી કરી શકે તેવા ઉત્સાહી યુવક - યુવતિની જરૂર છે. મહિને ૮૦૦૦ થી ૧૬૫૦૦ સુધી કમાવવાની તક (વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે.)
સરનામું મહુવા જકાત નાકાની પાસે, રાજુલા
મો. ૮૨૩૮૬ ૮૮૨૮૭ - ૮૧૪૦૧૪૫૧૪૧

તુલસી ફુડસ પ્રોડક્ટસ
સ્પેશ્યલ ફરાળી ચેવડો સેવ - ગાંઠિયા ચવાણું, દાબેલા ચણા - તેમજ શક્કરપારા હોલ સેલ ભાવે મળશે
તુલસી ફુડસ પ્રોડક્ટસ
મોક્ષ ધામની બાજુમાં, ઈશ્વરીયા (મહાદેવ), તા.જી. અમરેલી
ફોન. (૦૨૭૯૨) ૨૪૦૪૭૦-મો.૯૯૦૯૩૫૭૯૨૬-૯૮૨૫૪૭૦૦૦૦
નોંધ :- નમકિન લાઈનના અનુભવી સેલ્સમેન જોઈએ છે.

શ્રી વોશીંગ સર્વિસ સ્ટેશન એન્ડ કલર પ્રોટેકશન
:: કલર પ્રોટેકશન કરાવવાના ફાયદા ::
(૧) લાંબા સમય સુધી કલર ડલ થતો નથી. (૨) નાના મોટા સ્ક્રેચીસ (લીસોટા) પડતા નથી. (૩) કલર પર ધુળ, રજકરણ જમાં થતા નથી. (૪) કલરને સુર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોથી રક્ષણ આપે છે. (૫) પાણી તથા ઝાકળ પ્રોટેકશન પર રહેતું ન હોવાથી કાટ લાગતો નથી(૬) કલર પ્રોટેકશન પર (૪૮ થી ૫૦) ડીગ્રી જેટલા તાપમાનની કોઈ અસર થતી નથી તેથી જ કલર પ્રોટકશનની ૧ વર્ષની વોરંટી આપવામાં આવે છે.
:: આપના કિમતી વાહનોને કલર પ્રોટેકશન કરાવવા તેમજ ડેમો જોવા આજે જ પધારો ::
સ્થળ : લાઠીરોડ, બાયપાસ ચોકડી, હોટલ શિવધારા પાછળ અમરેલી.
નોંધ : અમરેલીમાં સૌ પ્રથમવાર આપના ઘેર થી વાહન લઈ જઈ વોશીંગ કરી પરત આપી જવાની સુવીધા આપવામાં આવશે.
મો. ૯૬૩૮૯ ૧૧૦૧૧

મે.જાફરાબાદના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. જાફરાબાદ
ફોજદારી પરચુરણ અરજ નં. ૨૪-૨૦૧૪
અરજદાર : વેકરીયા કાળુભાઈ માધાભાઈ ઉ.વ. આ. ૪૫ ધંધો ખેતીકામ ધર્મે. હિન્દુ રહે. મું. કાકીડી મોલી, પટેલ ફળીયુ, તાલુકો ઉના, જી.જુનાગઢ
વિરૂધ્ધ : સામાવાળા : તલાટીકમ મંત્રી ગ્રામ પંચાયત -મોટા માણસા તા. જાફરાબાદ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે જુનાગઢ જીલ્લાના ઉના તાલુકાના કાકીડી મોલી ગામના રહીશશ્રી વેકરીયા કાળુભાઈ માધાભાઈ એ તેમની સંતાન (૧) કૃપાલીબેન કાળુભાઈ વેકરીયાનો જન્મ મોટા માણસા મુકામે તા. ૦૧-૦૬-૧૯૯૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેમના વકીલશ્રી આર.બી.પઢીયાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના અરજદાર વેકરીયા કાળુભાઈ માધાભાઈ ની સંતાનની જન્મની નોંધ આ કામના સામાવાળાના જન્મ નોંધ દફતરે કરાવી આપવા સામે કોઈને પણ વાંધો હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૬-૪-૧૪ ના રોજ સવારના ૧૦-૩૦ વાગ્યાના સુમારે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા. ૦૧ માહે ૩ સને ૨૦૧૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરીને આપ્યા.

તૈયાર કરનાર	તપાસનાર	હુકમથી
એસ.આર.ભંમર	એચ.એસ.સરવૈયા	પી.એમ.મેખીયા રજીસ્ટ્રાર
આસી.	આસી.	જયુ. મેજી. ફ.ક. કોર્ટ - જાફરાબાદ

દુઃખદ અવસાન / બેસણું

સ્વ. સવિતાબેન શંભુભાઈ માળવીયા
(ઉ.વ.૮૧) સ્વ. તા. ૦૩-૦૩-૨૦૧૪

અમારા માતુશ્રી સવિતાબેન શંભુભાઈ માળવીયા (ઉ.વ. ૮૧) નું તા. ૦૩-૦૩-૨૦૧૪ને સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સદ્દગતનું બેસણું :- તા. ૦૬-૦૩-૨૦૧૪ને ગુરૂવારે સાંજના ૪ થી ૬ કલાકે અમારા નિવાસે - ૧ શ્રીનાથજી પાર્ક, પેવેલીયન સામે, ચિતલ રોડ (મેઈન) ઉપર રાખેલ છે. મો. ૯૪૦૮૭ ૭૫૪૫૬

શ્રી મનસુખભાઈ શંભુભાઈ માળવીયા (હુડલી)
શ્રી ઘનશ્યામભાઈ શંભુભાઈ માળવીયા (પટેલ એગ્રો સેન્ટર-અમરેલી)
શ્રી ગોવિંદભાઈ શંભુભાઈ માળવીયા (હુડલી)
શ્રી જીગ્નેશ મનસુખભાઈ માળવીયા (શીવ એગ્રો સેન્ટર-અમરેલી)
શ્રી સાવન (ભોલુ) ગોવિંદભાઈ માળવીયા (સુરત)
કુ. ભૂમિબેન ઘનશ્યામભાઈ માળવીયા (કોમર્સ કોલેજ-અમરેલી)
મું. હુડલી તા.ધારી
તથા સમસ્ત માળવીયા પરિવારના જયશ્રીકૃષ્ણ

અશ્રુભીની શ્રધ્ધાંજલી

સ્વ. માતુશ્રી સવિતાબેન લાભુભાઈ સેંજલીયા મું. શંભુપરા
(ઉ.વ.૮૫) સ્વ.તા. ૨-૩-૨૦૧૪
ફાગણ સુદ - ૧ (રવિવાર)

આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ અમારા હૈયે સદાને માટે બની રહેશે, આપનું નિઃસ્વાર્થ પરોપકારી જીવન અમારા માટે હંમેશા પ્રેરણાદાયી બની રહેશે આપનું *જીવન હર એક પળ અમોને યાદ રહેશે* પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સદ્દગતનું બેસણું :-
તા. ૦૬-૦૩-૨૦૧૪ને ગુરૂવારના રોજ શંભુપરા તેમજ સુરત ખાતે રાખેલ છે.

સદ્દગતની ઉતરક્રિયા :
તા. ૧૨-૦૩-૨૦૧૪ ફાગણ સુદ ૧૧ને બુધવારના રોજ શંભુપરા મુકામે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

ધીરૂભાઈ લાભુભાઈ સેંજલીયા
જયંતિભાઈ લાભુભાઈ સેંજલીયા
પ્રવિણભાઈ લાભુભાઈ સેંજલીયા
મું. શંભુપરા તા.જી.અમરેલી

સત્યમેવ જયતે

AVADH TIMES DAILY

અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ

પાના નં. ૮ અમરેલી તા.૫-૩-૨૦૧૪ બુધવાર

શુભ પ્રસંગે રંગ જમાવે, મહેમાનોમાં વટ પડાવે

કેસર કેરીનો રસ

(Frozen Mango Milk Shake)

500gm - 1kg - 2kg

ગીતાંજલિ આઇસ્ક્રીમ એન્ડ પાર્લર

ઉંચી ગુણવત્તા વ્યાજબી ભાવ

રાજાણી

Since 1975

રાજાણી પેરીસનાઈટ અગરબત્તી

UNIT 90 MRP Rs.35

E-mail: rajanigroup@in.com

પ્રકૃતિના ખોળે શાંત અને રમણીય વાતાવરણમાં સ્વાદ માણો ભારતીય જમણનો જેમાં માટલા ઉંધીયું, મગનો શીરો, બાજરાનો રોટલો, તથા આપનો મનપસંદ સ્વાદ માણવા આજેજ પધારો કિસાન ફાર્મ એન્ડ ગાર્ડન રેસ્ટોરન્ટ - ધારી રોડ, અમરેલી

સમગ્ર પરિવાર માટે સ્વાસ્થ્યસભર શુધ્ધ નજરાણું

હરિઓમ

મેન્યુફેક્ચરર્સ : હરિઓમ ઇન્ડસ્ટ્રીઝ

હાર્દિક અભિનંદન

શ્રી હિનાબેન ચાંવ

શ્રી હિનાબેન ચાંવ, પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, લીલીયા તાલુકો આપશ્રીને લીલીયા તાલુકાના કે.નિ. (વહીવટી) માંથી તાલુકા પ્રા.શિ. અધિકારીશ્રી વર્ગ - ૨ માં બઢતી મળતા ખૂબ ખૂબ અભિનંદન અને આપ સતત પ્રગતિ કરતા રહો તેવી શુભકામનાઓ..

-: શુભેચ્છક :-

ભોરીગડા પ્રાથમિક શાળા સ્ટાફ પરિવાર
વિનુભાઇ સી.કેવડીયા - મુખ્ય શિક્ષક
અતુલભાઇ આર. દવે - રેખાબેન જે. ઉપાધ્યાય
સુમીતાબેન સી.રૂડાણી - દક્ષાબેન એલ. લાલાણી
જીજ્ઞાબેન આર. પટેલ - મનિષભાઇ બી.ધામત
શ્વેતાબેન આર. મહિડા

હાર્દિક અભિનંદન

શ્રી હનુભાઇ ખુમાણ

શ્રી નિતીનપરી ગોસ્વામી

અમરેલી એસ.ટી. ડિવીઝનના રાજુલા રૂપોમાં ફરજ બજાવતા શ્રી હનુભાઈ રામભાઈ ખુમાણ તથા શ્રી નિતીનપરી ગોસ્વામી બને ખાતાકીય પરીક્ષામાં આસીસ્ટન્ડ ટ્રાફીક ઈન્સપેકટરમાં પાસ થતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ આપ બન્નેને લાખ લાખ અભિનંદન

દિલીપભાઇ જીલુભાઇ બસીયા - મોરવાડા
નિર્મલભાઇ જીલુભાઇ બસીયા - મોરવાડા
જોરૂભાઇ દાદાભાઇ ખુમાણ - સાવરકુંડલા
જયદેવભાઇ જોરૂભાઇ ખુમાણ

ભાવભરી શ્રધ્ધાંજલી

સ્વ. સરોજબેન વજુભાઇ મકવાણા
સ્વ.તા.૩-૩-૨૦૧૪
જન્મ તા. ૨૯-૯-૧૯૯૦
બી.એસ.એફ. આર્મી

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી, જે નાશ પામે છે તે શરીર માત્ર છે આત્મા સાશ્વત અને અમર છે, જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે, કેટલુ નહિ કેવુ જીવ્યા એ જ યાદ રહી જાય છે, આપનો દેહ વિલીન થયો છે, પરંતુ આત્માનો વિલય થયો નથી, અમારા હૃદયમાં આપની સ્મૃતિ કદી વિસરાશે નહી પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

વજુભાઇ ભગવાનભાઇ મકવાણા - મંજુબેન વજુભાઇ મકવાણા
સંજયભાઇ વજુભાઇ મકવાણા (ભાઇ) - દિપાલીબેન સંજયભાઇ મકવાણા (ભાભી)
મુકેશભાઇ વજુભાઇ મકવાણા (ભાઇ) - ભાવનાબેન વજુભાઇ મકવાણા (બહેન)
મનોજભાઇ વજુભાઇ મકવાણા (ભાઇ) - વિશાખા વજુભાઇ મકવાણા (બહેન)

હાર્દિક અભિનંદન

શ્રી સુરભીબેન જે. પાઘડાર
બગસરા તાલુકા
પ્રા.શિક્ષણાધિકારીશ્રી

બગસરા તાલુકાના કેળવણી નિરીક્ષકશ્રી (વહીવટી) તરીકે ફરજ બજાવતા શ્રી સુરભીબેન જે. પાઘડાર બગસરા તાલુકા પ્રા.શિક્ષણાધિકારી વર્ગ ૦૨ તરીકે થયેલ નિમણુંક બદલ જુની હળીયાદ પે.સેન્ટર પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન તેમજ તેઓ સતત પ્રગતિ કરતા રહે તેવી શુભકામના...

જયશ્રીબેન રૈયાણી
જિલા શિક્ષણસમિતિના પૂર્વ ચેરપર્સન
ધીરૂભાઇ કોટડીયા - જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન
મનોજભાઇ મહિડા - જિલ્લા શિક્ષણ સમિતિના સદસ્ય
હંસરાજભાઇ રૈયાણી
જિલ્લા મધ્યસ્થ બેંકના ડિરેકટર
ભાવનાબેન પાટડીયા
બગસરા તાલુકા પ્રમુખ
ધીરૂભાઇ માયાણી
બગસરા તાલુકા ભાજપ પ્રમુખ
કાંતિભાઇ સતાસીયા
ચેરમેન માર્કેટીંગયાર્ડ બગસરા
આર.એમ.વસાવા
તા.વિ.અધિકારીશ્રી બગસરા

રમેશભાઇ માલવીયા
આચાર્ય જુની હળીયાદ પે.સે.શાળા
વિઠલભાઇ બોરડ
આચાર્ય મોટા મુંજીયાસર પ્રા.શાળા
ધીરૂભાઇ હુંમર
આચાર્ય નાના મુંજીયાસર પ્રા.શાળા
કાનજીભાઇ બાવદાણીયા
આચાર્ય નવી હળીયાદ પ્રા.શાળા
કિરીટભાઇ ગોડલીયા
આચાર્ય માલેવાડા પ્રા.શાળા
જયસુખભાઇ ગોંડલીયા
આચાર્ય ઇંટીયાડ પ્રા.શાળા
જયસુખભાઇ દેવમુરારી
આચાર્ય રફાળા પ્રા.શાળા
લખમણભાઇ સતાસીયા
આચાર્ય કડાયા પ્રા.શાળા
જુની હળીયા પે.સેન્ટર પરિવાર

ચાલો લાઠી... (તા. ૦૫-૦૩-૨૦૧૪) ચાલો લાઠી...

જન આક્રોશ સંમેલન

કોંગ્રેસમાંથી ચૂંટાયેલા અને ભાજપ થકી ખરીદાયેલા

''ગદ્દાર ધારાસભ્ય''

બાવકુ ઉંધાડનો હિસાબ કરવા.....

વ્હાલા, જાગૃત મતદાર ભાઇઓ / બહેનો

સવિનય દુઃખ અને આક્રોશ સાથે જણાવવાનું કે,

૯૬ - લાઠી બાબરા મત વિસ્તારમાં ધારાસભ્ય બાવકુ ઉંધાડ જેઓને આપણાં વિસ્તારના લોકોએ કોંગ્રેસ પક્ષમાં વિશ્વાસ રાખી પોતાનો કિંમતી મત આપી સતત બે ટર્મથી ચૂંટી લાવ્યા હતા. પરંતુ તાજેતરમાં જ કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડી ભા.જ.પ.થી કરોડોનાં જમીન કૌભાંડમાં વેચાયા છે. અને આપણા મત, આપણી લાગણી સાથે ગદ્દારી, દ્રોહ અને વિશ્વાસઘાત કર્યો છે. અને આપણા મત વિસ્તારનાં લોકોને શરમજનક પરિસ્થિતીમાં મુકી દીધા છે, ત્યારે...

ગદ્દાર ધારાસભ્ય પાસેથી આપણા મત, આપણી લાગણીઓનો હિસાબ માંગવા આપવા લોકલાડીલા નેતા શ્રી મા. અર્જુનભાઇ મોઢવાડીયા (ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી), શ્રી શંકરસિંહજી વાઘેલા (વિરોધ પક્ષનાં નેતાશ્રી), શ્રી શક્તિસિંહજી ગોહિલ (રાષ્ટ્રીય પ્રવક્તા), પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઇ પટેલ, શ્રી કુંવરજીભાઇ બાળવીયા (સાંસદશ્રી - રાજકોટ), શ્રી જશુભાઇ બારડ (ધારાસભ્યશ્રી - તાલાલા) ની આગેવાનીમાં થનાર જન આક્રોશ સંમેલનમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ છે.

-: નિમંત્રક ::-

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
બાબરા તાલુકા કોંગ્રેસ સમિતિ
બાબરા શહેર કોંગ્રેસ સમિતિ
લાઠી તાલુકા કોંગ્રેસ સમિતિ
લાઠી શહેર કોંગ્રેસ સમિતિ
દામનગર શહેર કોંગ્રેસ સમિતિ

:: સ્થળ ::
કલાપી પાર્ક, ચાવંડ દરવાજા, લાઠી
સમય : સવારે ૧૦:૦૦ કલાકે
તા. આજે ૦૫-૦૩-૨૦૧૪ બુધવાર

ભાજપના ભ્રષ્ટાચાર અને દૂરાચારની સામે લાઠીમાં યોજાનાર આક્રોશ સંમેલનમાં પધારી રહેલા

આપ સર્વે મહાનુભાવોનું હાર્દિક સ્વાગત છે.

શ્રી શંકરસિંહ વાઘેલા

શ્રીમતિ સોનીયા ગાંધી

શ્રી સિધ્ધાર્થ પટેલ

શ્રી પંકજભાઇ કાનાબાર
પ્રમુખશ્રી
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતી

પરેશભાઇ ધાનાણી
ધારાસભ્ય અમરેલી

પ્રતાપભાઇ દુધાત
પ્રમુખ યુવક કોંગ્રેસ

વિરજીભાઇ હુંમર
ઉપપ્રમુખ ગુજરાત કોંગ્રેસ

કુંવરજીભાઇ બાળવીયા
સાંસદશ્રી રાજકોટ

ઠાકરશીભાઇ મેતલીયા
મંત્રી ગુજરાત કોંગ્રેસ

પ્રતાપભાઇ વરૂ
મંત્રી ગુજરાત કોંગ્રેસ

શ્રી જસાભાઇ ભાણાભાઇ બારડ
(ધારાસભ્યશ્રી - તાલાળા)

સંદીપ પંડયા
પ્રમુખ સેવાદળ

ધીરૂભાઇ દુધવાળા
પુર્વ મંત્રીશ્રી

જયશ્રીબેન ડાબસરા - પ્રમુખ મહિલા કોંગ્રેસ

તા. ૦૫-૩-૨૦૧૪ ને બુધવારના રોજ લાઠી ખાતે યોજાનાર જન આક્રોશ સંમેલન માં ઉમટી પડવા અમરેલી જિલ્લાની જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

સમીર કુરેશી - પ્રમુખ એનએસયુઆઇ